# આત્મધર્મ

## વર્ષ ૩૦

## સળંગ અંક ૩૫૧

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૧





## ✦ જ્ઞાનસ્વભાવનો નિર્ણય ✦

તાજેતરમાં ૧૪૪ મી ગાથાના પ્રવચનમાં ગુરુદેવના શ્રીમુખે જ્ઞાનસ્વભાવના અપૂર્વ નિર્ણયની વાત સાંભળતા મુમુક્ષુઓ ડોલી ઊઠતા હતા કે વાહ! આત્મા અનુભવની એકદમ સરસ વાત છે.


ગુરુદેવે કહ્યું કે - અહો! નિર્ણયમાં કેટલી તાકાત છે! વિકલ્પથી લાભ માને તે નિર્ણય સાચો નહીં. 'જ્ઞાનસ્વભાવ' જ ત્યારે નકકી થાય કે વિકલ્પથી જુદો પડે ત્યારે; કેમકે જ્ઞાનસ્વભાવમાં વિકલ્પની તો નાસ્તિ છે ભાઈ! આત્માના અનુભવની રમતું જુદી છે. - જેનો નિર્ણય કરતાં આખી દુનિયાનો રસ ઊડી જાય; આખી દુનિયા ફરે તોય એનો નિર્ણય ન ફરે. - કેમકે તે નિર્ણયમાં જ્ઞાનસ્વભાવનું જ અવલંબન છે, બીજા કોઈનું અવલંબન એમાં નથી. ભાઈ, એકવાર હૈયું સરખું રાખીને આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર. તો તને અનુભવનો અવસર આવશે.

'જ્ઞાનસ્વભાવ છું' એમ નિર્ણય કરવા જાય ત્યાં રાગની - પુણ્યની કે સંયોગની હોંશ રહે નહિ, કેમકે તેનાથી જુદા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો છે; તે નિર્ણય કરવા માટે અંતર્‌સ્વભાવ તરફ જ્ઞાન ઝુકે છે. (વિશેષ માટે અંદરનાં પ્રવચનો વાંચો.)

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯ પોષ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૦ : અંક ૩

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# અજોડ શાસન- પ્રભાવી સંત



અહો, કુંદુકુંદપ્રભુ! વિદેહક્ષેત્રની યાત્રા કરીને આપ સીમંધરપરમાત્મા પાસેથી અમારા માટે ઊંચી – ઊંચી વસ્તુ લાવ્યા... શું લાવ્યા? ચૈતન્યની અનુભૂતિ લાવ્યા, આત્માનો વૈભવ લાવ્યા... ભૂત – ભવિષ્યના મહાન સંદેશા લાવ્યા.... પ્રભો! આ ભરતક્ષેત્રના જીવો ઉપર આપનો અજોડ ઉપકાર છે. આજે કહાનગુરુ આપના શાસનનો મહાન પ્રભાવ ભરતક્ષેત્રમાં ફેલાવી રહ્યા છે... તેઓશ્રીનો પણ અમારા ઉપર મહાન ઉપકાર છે. તેમના પ્રતાપે મુમુક્ષુ હૃદયોમાં આપનું ભાવશ્રુત ટંકોત્કીર્ણ થયું છે, ને આરસમાં આપનું દ્રવ્યશ્રુત પણ ટંકોત્કીર્ણ થઈ રહ્યું છે.

વર્ષ: ૩૦ અંક ૩

# ધર્માત્માની અનુભૂતિનું વર્ણન

## ધર્મીના અંતરમાં સમયસાર કોતરાયેલું છે

માગશર વદ આઠમે આચાર્યશ્રી કુંદકુંદપ્રભુની આચાર્યપદ પ્રતિષ્ઠાનો મંગલ દિવસ આનંદ આનંદથી ઉજવાયો. તે દિવસે પૂ. ગુરુદેવના સુહસ્તે ઇટાલીના મશીન દ્વારા સમયસાર કોતરવાનો પ્રારંભ થયો, અને અજિત પ્રેસના પ્રાંગણનાં બંધાયેલ મંડપમાં પૂ. ગુરુદેવનું ભાવભીનું પ્રવચન થયું. તે વાંચતાં મુમુક્ષુઓને આનંદ થશે.

આજે કુંદકુંદાચાર્યદેવની આચાર્યપદવીનો મહાન દિવસ છે. આત્માના આનંદમાં ઝુલતા તેઓ મહાન સંત હતા. બે હજાર વર્ષ પહેલાં તેઓ અહીં મદ્રાસ પાસે પોન્નૂર પર્વત પર બિરાજતા હતા; ત્યાંથી વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પાસે તેઓ ગયા હતા, ને આઠ દિવસ રહીને ભગવાનની વાણી સાંભળી હતી; તેમની આચાર્યપદે પ્રતિષ્ઠાનો આજે દિવસ છે. તેમણે સમયસારાદિ મહાન પરમાગમ રચીને ઉપકાર કર્યો છે. મંગલના શ્લોકમાં મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર પછી

ત્રીજું નામ કુંદકુંદાચાર્યદેવનું આવે છે, मंगलं कुंदकुंदार्यो – આવા મંગળરૂપ આચાર્ય દેવની આચાર્યપદવીનો આજે મહાન દિવસ છે, ને આપણે અહીં પણ આજે (મશીનથી આરસમાં) સમયસાર કોતરવાની મંગલ શરૂઆત થઈ છે.

આજે 'પોષ વદ આઠમ' ને બુધવાર છે. બુધ એટલે જ્ઞાન, જ્ઞાનનો વાર, એટલે જ્ઞાનની પરિણતિનો અવસર, તે જ્ઞાનને દેખાડનારું આ સમયસાર– શાસ્ત્ર છે. આત્માની અનુભવદશામાં ઝુલતાં ઝુલતાં શાસ્ત્ર–રચનાનો વિકલ્પ આવ્યો ને આ સમયસારાદિ શાસ્ત્રોની રચના થઇ ગઈ; તેમાં વિકલ્પનું કે વાણીનું કર્તૃત્વ તેમના જ્ઞાનમાં નથી, જ્ઞાનના સ્વ–પરપ્રકાશક સામર્થ્યમાં વિકલ્પ અને વાણી પરજ્ઞેયપણે જણાઈ જાય છે.

સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાનરૂપે પરિણમે છે, તેમાં વિકલ્પનું કે વચનનું કર્તૃત્વ નથી; સમ્યગ્દર્શનમાં ચૈતન્યના અતીન્દ્રિય આનંદસ્વાદનું વેદન હોય છે, ને તે અંશ દ્વારા 'મારો આખો આત્મા આવો આનંદમૂર્તિ – ચૈતન્મૂર્તિ છે' એવું ધર્મીને ભાન થાય છે. આ રીતે સ્વભાવમાં એકતા ને રાગથી ભિન્નતાના અનુભવ સહિત આત્માની જે પ્રતીત થઈ તે સમ્યગ્દર્શન છે. એવું સ્વરૂપ આચાર્યદેવે આત્માના વૈભવથી આ સમયસારમાં દેખાડયું છે. ધર્મીને રાગના કાળે તે રાગનું જ્ઞાન વર્તે છે, એટલે ધર્મી જીવ સ્વ. પરપ્રકાશક જ્ઞાનપણે વર્તે છે. તેના જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનો અનુભવ વર્તે છે, અહા, ચૈતન્યભગવાન પૂર્ણાનંદપણે જેને અનુભવમાં આવ્યો તે સમ્યગ્દર્શનની શી વાત! લોકોને સમ્યગ્દર્શન શું ચીજ છે તેની ખબર નથી.

રાગના કાળે જ ધર્મી તો સ્વપરપ્રકાશક જ્ઞાનપણે જ વર્તે છે; વિકલ્પપણે નથી વર્તતા. વિકલ્પની અપેક્ષા રાખ્યા વગર પોતે જ્ઞાનપણે વર્તે છે. વિકલ્પ જણાય ત્યાં 'વિકલ્પનું જ્ઞાન' કહેવું તે વ્યવહાર છે, ખરેખર જ્ઞાનમાં વિકલ્પની અપેક્ષા નથી. જ્ઞાની વિકલ્પનો કર્તા નથી. એ વાત ૯૫ માં કળશમાં આચાર્યદેવ કહે છે–

विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम् ।

न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति ।। ९५ ।।

જ્ઞાન અને વિકલ્પની ભિન્નતાને જે જાણતો નથી એવો અજ્ઞાની જીવ જ વિકલ્પનો કર્તા છે અને વિકલ્પ તેનું કર્મ છે. આત્માને વિકલ્પવાળો જ અનુભવનાર જીવને તે વિકલ્પનું કર્તાકર્મપણું કદી નાશ થતું નથી. અને જ્ઞાન થયા પછી વિકલ્પનું

કર્તૃત્વ રહેતું નથી. જ્ઞાનસ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ નથી, વિકલ્પ કરવા ઉપર જ જેની દ્રષ્ટિ છે તે જ જીવ વિકલ્પનો કર્તા છે. જ્ઞાનના અનુભવપણે પરિણમનાર જીવ વિકલ્પનો કર્તા કદી થતો નથી. અજ્ઞાનભાવથી જ જીવને વિકલ્પનું કર્તાપણું છે, અને વિકલ્પ જ અજ્ઞાનીનું કર્મ છે. જ્ઞાનમાં વિકલ્પ સાથે કર્તાકર્મપણું છૂટી જાય છે. આવા જ્ઞાન સ્વભાવનો જેણે અનુભવ કર્યો તેણે પરમાગમને પોતાના આત્મામાં કોતર્યા. આત્માના આનંદનો સ્વાદ જેણે ચાખ્યો નથી તે જ વિકલ્પનો કર્તા થઈને તેને કરે છે. પણ વિકલ્પનું તે કર્તૃત્વ અજ્ઞાનીને તે અજ્ઞાનપર્યાયમાં જ છે. દ્રવ્ય – ગુણસ્વભાવમાં વિકલ્પનું કર્તૃત્વ નથી, કે કર્મ વગેરે બીજી ચીજ તે વિકલ્પની કર્તા નથી. અને દ્રવ્યસ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ છે તેને તો જ્ઞાનપર્યાયમાં વિકલ્પનું ય કર્તૃત્વ નથી, તેને તો જ્ઞાનભાવનું જ કર્તૃત્વ છે.

શુભાશુભભાવના કાળે, અજ્ઞાની તે ભાવરૂપે જ પોતાને અનુભવતો થકો તેનો જ કર્તા થાય છે; પણ તે સિવાય બહારમાં શરીરાદિની ક્રિયાંમાં તો તેનું કાંઈ કર્તૃત્વ નથી. અને જ્ઞાનીને તો તે શુભાશુભભાવના કાળે જ તેનાથી ભિન્ન જ્ઞાનનું વેદન વર્તે છે, તેમાં તે જ્ઞાન–આનંદના સ્વાદને જ વેદે છે, શુભાશુભરાગનું કર્તૃત્વ તેને નથી, ને બહારથી ક્રિયાનું કર્તૃત્વ પણ નથી. આવા જ્ઞાનસ્વરૂપ આત્માના વેદન વગર અનંતવાર શુભક્રિયાઓ કરીને સ્વર્ગમાં જવા છતાં જીવ દુઃખને જ પામ્યો; શુભરાગવડે પણ તે લેશમાત્ર સુખ ન પામ્યો, કેમકે આત્માના આનંદની તેને ખબર નથી. શુભના પરિણામ તો દુઃખરૂપ છે, જીવમાં ક્ષોભ ઉત્પન્ન કરનારાં છે, ને તેનાથી પાર જ્ઞાનસ્વરૂપ આત્મા આનંદરૂપ છે, અરે, આવા આત્માને લક્ષમાં તો લ્યો, વીતરાગદેવે કહેલા આત્મતત્ત્વને ઓળખ્યા વગર ભવના આરા આવે તેમ નથી.

શુભાશુભ – વિકલ્પને જ પોતાનું સ્વરૂપ માનીને જે અટકી ગયો છે તે જીવ વિકલ્પસહિત છે અને તેને જ વિકલ્પ સાથે કર્તાકર્મપણું છે, અજ્ઞાનમાં વિકલ્પનું કર્તાકર્મપણું કદી છૂટતું નથી. અહીં તો જ્ઞાનસ્વભાવના અનુભવવડે તે કર્તાકર્મપણું કેમ છૂટી જાય – તે વાત આચાર્યભગવાને આ સમયસારમાં સમજાવી છે. જ્ઞાનમાં વિકલ્પનું કર્તૃત્વ જરાપણ ભાસતું નથી. વિકલ્પનો કોઇ અંશ જ્ઞાનમાં નથી, તેથી જ્ઞાનીને વિકલ્પનું કર્તાપણું જરાપણ નથી. જ્ઞાનની પરિણતિ અને વિકલ્પને કરવારૂપ પરિણતિ બન્ને એકસાથે કદી હોય નહીં. વિકલ્પને કરવારૂપ અજ્ઞાનક્રિયામાં જ્ઞાનક્રિયા કદી હોતી નથી, ને જ્ઞાનના અનુભવરૂપ જ્ઞાનક્રિયામાં વિકલ્પને કરવારૂપ કરોતિ ક્રિયા

કદી હોતી નથી. અહો! ધર્મીને જ્યાં આનંદમૂર્તિ આત્માનો અનુભવ અંતરમાં થયો છે ત્યાં હવે રાગનું કર્તૃત્વ કેવું? સમ્યગદર્શન થયું ત્યાં આત્મામાં ભગવાનની પ્રતિષ્ઠા થઈ, આત્મા આનંદનો સ્વાદ લઇને જ્ઞાનરૂપ થયો, ત્યાં હવે રાગ રહી શકે નહીં. તેથી દ્રષ્ટિમાં તો આનંદમય આત્મા બિરાજે છે.

જુઓ, આજે તો સમયસાર કોતરવાની શરૂઆત થઈ.... અને અંદરમાં સમયસારની પ્રતિષ્ઠા કરવાની વાત છે. ધર્મીની પરિણતિમાં રાગનું કર્તૃત્વ નથી, રાગનું જ્ઞાન ભલે હો, પણ તે જ્ઞાન રાગથી જુદું પૃથક વર્તે છે. આવો મોક્ષનો માર્ગ છે. ભાઈ! ચોરાશીલાખ યોનિમાં અવતાર કરી કરીને અજ્ઞાનથી તું દુઃખી થયો, તેનાથી છૂટકારો કેમ થાય તેની આ વાત છે.

ચૈતન્યપ્રભુ ઉપર જેની દ્રષ્ટિ છે તેને વીતરાગી આનંદનું વેદન થાય છે, ને તેનો જ તે કર્તા છે. વચ્ચે રાગ હોય તેનો તે કર્તા નથી. ભલે દશમા ગુણસ્થાન સુધી રાગ હોય – પણ સમકિતીની જ્ઞાનપર્યાયમાં તે રાગ નથી, જ્ઞાનથી તો તે જુદો જ છે. જેમ જગતમાં છ દ્રવ્યો છે તે બધા પૃથક્ – પૃથક્ છે, તેમ ધર્મીને જ્ઞાન અને રાગ પણ પૃથક્ – પૃથક્ વર્તે છે. તેમાં જ્ઞાનના કર્તાપણે ધર્મી વર્તે છે. રાગ તેના જ્ઞાનપણે વર્તતો નથી પણ જ્ઞાનથી જુદો જ વર્તે છે. અજ્ઞાની તો જ્ઞાન ને રાગ બધું એકમેક અનુભવે છે, રાગથી જુદા જ્ઞાનની તેને ખબર નથી, જ્ઞાનના સ્વાદને તે જાણતો નથી, તેથી અજ્ઞાનમાં તેને વિકલ્પનું કર્તાકર્મપણું કદી છૂટતું નથી. ને જ્ઞાનીને જ્ઞાનભાવમાં વિકલ્પનું કર્તાકર્મપણું કદી થતું નથી. અહો, સમ્યગ્દર્શન એટલે તો આત્મા, સમ્યગ્દર્શન એટલે તો સમયસાર, – તેમાં રાગનું કર્તૃત્વ કેમ હોય? ચોથા ગુણસ્થાને જે રાગ છે તે રાગનું કર્તૃત્વ સમકિતીની જ્ઞાનપર્યાયમાં નથી; ચોથા ગુણસ્થાને પણ ધર્મીજીવ પોતાના જ્ઞાનભાવને જ કરે છે. છ દ્રવ્યો જેમ જુદાં છે તેમ જ્ઞાન અને રાગ જુદાં છે. રાગ રાગના ઘરે રહ્યો, સમકિતીની જ્ઞાન–આનંદપર્યાયમાં તે નથી. સમયસારની તો રચના જ કોઈ અલૌકિક છે, તેમાં બધુંય આવી જાય છે.

અહો, આ સમયસારમાં તો આત્માના અનુભવના રહસ્યો ખોલ્યાં છે. સમયસાર એટલે તો અજોડ જગતચક્ષુ! સમયસાર તે તો કેવળીપ્રભુનાં કહેણ છે.

અહા, ચૈતન્યના વીતરાગી આનંદના અનુભવનું કાર્ય કરનાર ધર્મી જીવ રાગનાં કાર્ય કેમ કરે? નિજાત્મસ્વરૂપ જે ભગવાન છે, તેના પરમ મહિમાને અનુભવતો

જીવ રાગથી જુદો જ છે. ધર્મીના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણે ચૈતન્યમય છે, તેમાં ક્યાંય વ્યવહારના વિકલ્પો કે રાગ નથી. સ્વભાવનો આશ્રય કરીને ધર્મી જ્ઞાન–આનંદરૂપે પરિણમ્યો તેમાં કોઈ રાગની – વિકલ્પની અપેક્ષા નથી. બીજા કોઈ કારકની અપેક્ષા રાખ્યા વગર ધર્મી પોતાના સ્વાધીન ષટ્કારથી જ્ઞાન–આનંદરૂપે પરિણમે છે. અહો, આવું નિરપેક્ષપણું વસ્તુસ્વરૂપમાં છે.

ભગવાન ! તારી બલિહારી છે. આવા આત્માની વાત વિદેહમાંથી કુંદકુંદાચાર્ય દેવ લાવ્યા.... ને ભરતક્ષેત્રના ભવ્ય જીવોને આ સમયસાર દ્વારા આપી. સમયસારમાં કેવળ પ્રભુની વાણી છે, તેની એકેક ગાથામાં જ્ઞાનનો મોટો દરિયો ભર્યો છે.

જ્ઞાન સ્વસન્મુખ થઈને રાગથી ભિન્નપણે વર્ત્યું, તે જ જ્ઞાનીનું કામ છે. વિકલ્પ કે શાસ્ત્રની શબ્દ રચના – તે જ્ઞાનીનું કામ નથી. જ્ઞાનમાં રાગનું કાર્ય હોય નહીં. જ્ઞાનમાં રાગનું કાર્ય છે જ નહીં તો તે રાગ જ્ઞાનનું કારણકેમ થાય ? જ્ઞાનનું કારણ–કાર્ય જ્ઞાનરૂપ જ હોય. એકલા જ્ઞાન–દર્શન–આનંદરૂપ નિર્મળભાવ તે જ ધર્મીનું કાર્ય છે; બીજું તેનું કાર્ય નથી. અને અજ્ઞાનીને વિકલ્પનું કાર્ય છે, બીજું કોઈ કાર્ય તેને નથી. વિકલ્પને જેણે પોતાનું કાર્ય માન્યું, વિકલ્પને જ્ઞાનનું સાધન માન્યું, વિકલ્પવાળો આત્મા છે એમ જે અનુભવે છે – તે જીવને રાગનું કર્તાકર્મપણું ક્યાંથી છૂટે ? રાગ સહિત જ તે પોતાને અનુભવે છે, ને રાગથી ભિન્ન ચેતનસ્વભાવને જે અનુભવતો નથી તેને કદી રાગાદિનું કર્તાપણું છૂટતું નથી એટલે સંસારભ્રમણ છૂટતું નથી, કેમકે આત્માને રાગાદિસ્વરૂપ માનવો તે જ સંસારનું બીજ છે. ધર્મીને રાગાદિથી ભિન્ન જ્ઞાનના અનુભવવડે સંસારનું બીજ છેદાઇ ગયું છે. રાગ તો દશમાં ગુણસ્થાન સુધી હોય છે પણ ધર્મીનું જ્ઞાન તે રાગસહિત નથી; રાગથી જાદા જ જ્ઞાનસ્વરૂપપણે ધર્મી પોતાને અનુભવે છે. આવો અનુભવ તે જ સમ્યગ્દર્શનને સમ્યજ્ઞાન છે, તે ધર્મીનું કાર્ય છે.

જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ થતાં ધર્મીને નિર્મળપર્યાય થઈ, તે નિર્મળપર્યાયને, અને તે કાળના રાગાદિને ધર્મી જાણે છે, – પણ ત્યાં તે નિર્મળજ્ઞાનભાવ અને રાગભાવ એ બંને બે–પણે વર્તે છે એટલે જુદાપણે વર્તે છે, એટલે તેમને કર્તાકર્મપણું નથી. આ રીતે ધર્મીનું જ્ઞાન વિકલ્પસહિત નથી, વિકલ્પનું કર્તા નથી, જ્ઞાનસત્તા વિકલ્પથી જાુદી છે. રાગ કાળે રાગવાળો જ આત્મા જેને ભાસે છે ને રાગથી જાુદું જ્ઞાનસ્વરૂપ

જેને ભાસતું નથી તે જીવ વિકલ્પસહિત છે, તે જ વિકલ્પનો કર્તા છે. વિકલ્પ તો દોષ છે, દોષવાળો પોતાને અનુભવવો તે સંસારનું મૂળ છે. દોષથી ભિન્ન, રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે આત્માને અનુભવવો તે મોક્ષનું મૂળ છે. ભગવાનપણું અંદર ભર્યું છે તેમાંથી તે પ્રગટે છે. રાગમાંથી ભગવાનપણું નથી આવતું.

જે કરે છે તે કેવળ કરે જ છે, એટલે કે જે રાગાદિને અજ્ઞાનભાવે કરે છે તે તો રાગાદિને કરે જ છે, તેને રાગથી ભિન્ન જ્ઞાનભાવનું પરિણમન નથી. અને જે જાણે છે, એટલે કે જાણવારૂપ પરિણમે છે તે કેવળ જ્ઞાનભાવને જ કરે છે, તે રાગને કરતો નથી. આ રીતે રાગક્રિયાને અને જ્ઞાનક્રિયાને અત્યંત જુદાઈ છે.

અહો, આત્માનો પોતાનો જાણકસ્વભાવ છે, તેમાં રાગને કરવાનો સ્વભાવ નથી. છતાં રાગમાં એકતા માનીને તેનો જે કર્તા થાય છે તે જ્ઞાનસ્વભાવને જાણતો નથી. અરે, જ્ઞાનસ્વભાવી પદાર્થ રાગને કેમ કરે? જ્ઞાનસ્વભાવમાં તન્મય થઇને આનંદરૂપે જે પરિણમ્યો તેની જ્ઞાન–આનંદમય પરિણતિમાં રાગનું કર્તૃત્વ રહેતું નથી. અનંતકાળે નહિ કરેલ એવું સમ્યગ્દર્શન જેણે કર્યું છે – તેની આવી દશા હોય છે – તે જાણે છે એટલે જ્ઞાનભાવરૂપે જ પોતાને વેદે છે, તે વિકલ્પરૂપે પોતાને અનુભવતો નથી. મારું હોવાપણું તો જ્ઞાનસત્તારૂપ છે એમ ધર્મી અનુભવે છે. બાપુ! ભવરોગને મટાડવાની દવા તો આ છે. રાગના કર્તાપણારૂપ રોગ છે તે આત્માના અનુભવવડે મટે છે. સમ્યગ્દર્શનમાં ધર્મીને અખંડ આત્માનું ભાન થતાં જે જ્ઞાનપર્યાય પ્રગટી તેનો તે કર્તા છે, પણ તે કાળે રાગાદિ હોય તે ખરેખર ધર્મીનું કાર્ય નથી. તેથી કહે છે કે

કરે કરમ સોહી કરતારા,
જો જાને સો જાનનહારા.
જાને સો કરતા નહીં હોઈ,
કરતા સો જાને નહીં કોઈ,

ચૈતન્યના આનંદના વેદન પાસે ધર્મીને વિકલ્પમાં આકુળતા દેખાય છે, અહા, ચૈતન્યની શાંતિનું જ્યાં વેદન થયું ત્યાં રાગાદિને તે શાંતિ સાથે મેળવતાં ધર્મીને તે રાગાદિમાં આકુળતા જ ભાસે છે, તેથી ધર્મી તેનો કર્તા થતો નથી. રાગનો કર્તા થાય તે ચૈતન્યની શાંતિને જાણી શકે નહીં. ચૈતન્યનો વીતરાગ અકષાય શાંતરસ જેણે ચાખ્યો નથી તેને શુભરાગમાં શાંતિ લાગે છે. પણ ધર્મી તો ચૈતન્યની શાંતિ પાસે શુભરાગનેય દુઃખ અને આકુળતા જ જાણે છે.

જેટલો વીતરાગ – અકષાય – શાંતરસ તેટલો આત્મા; આવો વસ્તુનો સ્વભાવ છે, ને આ જ જૈનધર્મ છે. જૈનધર્મ એ કાંઈ વાડો કે કૂળ નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે. શાંત – ચૈતન્યસ્વભાવ આત્મા છે તેના આશ્રયે જે અકષાય – વીતરાગદશા પ્રગટી તેનું નામ જૈનધર્મ, ને તે મોક્ષનો માર્ગ. આ આત્મા, અને આ રાગ એમ બંનેનું જ્ઞાન ધર્મીને વર્તે છે; બે ભાવ જુદા છે તેને બે–પણે જાણે તો જ સાચું જ્ઞાન છે. જે રાગ અને જ્ઞાનને ભિન્ન જાણે તે રાગનો કર્તા થાય નહીં. અને જે રાગનો કર્તા થઈને રોકાણો છે તે જીવ જ્ઞાન અને રાગની ભિન્નતાને જાણતો નથી. રાગથી જુદો ચૈતન્યભાવ ધર્મીને દ્રષ્ટિમાં તરવરે છે; ત્યાં રાગના વેદનને તે ચૈતન્યથી જુદું જાણે છે; એટલે પોતે ચૈતન્યસ્વભાવપણે જ રહેતો થકો રાગાદિ ભાવોનો જાણનાર જ રહે છે – પણ કર્તા થતો નથી. માટે જે જ્ઞાતા છે તે કર્તા નથી.

અહો, જ્ઞાનીના મારગડા જગતથી જુદા છે. એનાં માપ બહારથી આવે તેવા નથી. વિકલ્પવાળો જીવ ધર્મીની અંતરની નિર્વિકલ્પ ચૈતન્યપ્રતીતનું માપ કરી શકે તેમ નથી. ધર્મીએ સ્વસંવેદન વડે ચૈતન્યના નિધાન ખોલીને જે જ્ઞાનપર્યાય પ્રગટ કરી, તે જ્ઞાન રાગાદિને પણ જાણે જ છે – પણ રાગરૂપે થઈને તેને કરતું નથી. રાગને જાણતાં જ્ઞાન તો જ્ઞાનરૂપે જ રહે છે, ને પોતે જ્ઞાનરૂપે જે પોતાને અનુભવે છે. આનું નામ ધર્માત્માની 'જ્ઞપ્તિક્રિયા' છે. – તે ધર્મ છે.

જ્ઞાનમાં રાગનો કણ સમાય નહીં, ત્યાં બહારનાં બીજા કામની શી વાત? સ્વમાં પરની નાસ્તિ છે, તેમ જ્ઞાનમાં રાગની નાસ્તિ છે, જીવનો ચેતનસ્વભાવ; રાગનો કણ પણ જીવનો નથી. – અંદર ભગવાનના દરવાજામાં પેસવાનો આ માર્ગ છે. અહો, આવો સુંદર અંદરનો માર્ગ! તેની કોઈ પશુ જેવા અજ્ઞાની જનો નિંદા કરે તોપણ હે જીવ! તે સાંભળીને તું ખેદખિન્ન થઈશ મા... ને આવા સુંદર માર્ગને છોડીશ નહીં. તું તારા અંતરમાં આવા માર્ગને સાધી લેજે. અરે, રાગનો જ અનુભવ કરનારા, રાગને જ ખાનારા પશુ જેવા જીવો આવા વીતરાગમાર્ગને ક્યાંથી જાણે? એટલે એવા જીવો નિંદા કરે તોપણ તું આવા અપૂર્વ માર્ગને ભક્તિથી આદરજે. અંદર ચૈતન્ય પરમેશ્વર બિરાજે છે; દરેક આત્મા પરમેશ્વરસ્વરૂપ છે; પણ તેનું ભાન નથી, અભ્યાસ નથી એટલે રાગના કર્તૃત્વમાં રોકાઈ ગયા છે. ધર્મી તો જ્ઞાનસ્વભાવને અનુભવતો થકો કેવળ જાણનાર છે. સમ્યગદ્રષ્ટિની પદવી કોઈ અલૌકિક છે, તેની કિંમતની જગતને ખબર નથી. અને સમ્યગ્દર્શન પછી ચારિત્રદશાના મહિમાની તો શી વાત? ચારિત્ર

વંતમુનિ તો પરમેશ્વર છે – પંચપરમેષ્ઠીપદમાં તે ભળ્યા છે. णमो लोए सव्व त्रिकालवर्ती साहूणं એમ ધવલમાં ‘ત્રિકાળવર્તી સર્વે સાધુઓને નમસ્કાર કર્યા છે. શું એકલા રાગવાળા સાધુને વંદન કરે છે? ના; અંદર જે રાગથી ભિન્ન વીતરાગી ચેતનપર્યાય પ્રગટી છે તેને નમન કરીને તેનો આદર કર્યો છે. પાંચે પરમેષ્ઠીમાં વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કર્યાં છે. કેવળી ભગવાન જાણનાર છે, તે સમકિતીનો આત્મા પણ જાણનાર જ છે; તેને રાગ છે પણ તે જ્ઞાનથી જુદાપણે છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો તે અરિહંતનો માર્ગ છે.

રાગ તો અંધ છે, તે કાંઈ સ્વ–પરને દેખતો નથી. જ્ઞાન જ ચેતતું – જાગતું છે તે સ્વ–પરને જાણે છે. જાણવારૂપ જ્ઞાનમાં રાગનું કર્તૃત્વ નથી. જમ કેવળીપ્રભુના કેવળ જ્ઞાનમાં રાગનું કર્તૃત્વ નથી. તેમ સમકિતીના જ્ઞાનમાં પણ રાગનું કર્તૃત્વ નથી. જેમ કેવળીપ્રભુને જગતનો રાગ પરજ્ઞેયપણે છે, તેમ ધર્મીને જે રાગ છે તે પણ જ્ઞાનથી ભિન્ન પરજ્ઞેયપણે જ છે, તે જ્ઞાનમાં તન્મયપણે નથી. જ્ઞાનનું તો ક્રોધાદિનું પરિણમન અત્યંત જુદું છે. જ્ઞાનપરિણમનમાં ક્રોધ નથી, ને ક્રોધપરિણમનમાં જ્ઞાન નથી; બંને તદ્ન જુદા છે.

અરે જીવ! તારામાં ભગવાનપણું છે; જ્ઞાનલક્ષ્મીવાળો ભગવાન તું પોતે છો. ‘ભગવાન’ કહેતા તું સંકોચ પામીશ નહીં. સમકિતી પોતાના આત્માને ચૈતન્ય ભગવાનપણે અનુભવે છે. રાગ છે તેને જાણે છે – પણ જ્ઞાનથી ભિન્નપણે જાણે છે. માટે જાણનાર તે રાગનો કર્તા નથી.

અહો, સમયસાર તો સમયસાર છે. આ અસાર સંસારમાં ‘સમયસાર’ એક જ સાર છે. સમયસાર એટલે એકલા શબ્દો નહિ પણ તેના વાચ્યરૂપ શુદ્ધઆત્મા તે સમયસાર છે. રાગથી ભિન્ન જ્ઞાનભાવરૂપે પરિણમેલો આત્મા તે પોતે સમયસાર છે, તે દ્રવ્યકર્મ – ભાવકર્મ – નોકર્મથી રહિત છે. દ્રવ્યકર્મ ભાવકર્મ–નોકર્મ ત્રણેય જ્ઞાનથી બહાર છે. સ્વાનુભૂતિ વડે આવા જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરનાર જીવ પોતે સમયસાર છે.

जय कुंदकुंददेव... जय समयसार... जय गुरुदेव!

# ચૈતન્યભાવને વિકલ્પ સાથે કર્તાકર્મપણું નથી

ધર્માત્મા સમસ્ત રાગ–વિકલ્પોથી ભિન્ન એવા ચૈતન્યભાવરૂપ થઈને પોતાને ચૈતન્યભાવરૂપે જ અનુભવે છે. રાગથી ભિન્ન એવા તે ચૈતન્યભાવને રાગાદિ સાથે કાંઈ સંબંધ રહ્યો નથી. જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નાતાના આવા ભાનપૂર્વક ધર્મીજીવ પોતામાં અપાર સમયસારને અનુભવે છે – તેનું આનંદકારી વર્ણન છે.... અનુભૂતિનાં ગંભીર રહસ્યોને તે પ્રસિદ્ધ કરે છે.

આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ આત્માને કેવો અનુભવે છે તે અહીં બતાવે છે. ૧૪૪ મી ગાથા પહેલાંનો કળશ ૯૨ મો વંચાય છે.

આત્મા ચિત્સ્વભાવ છે; તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે ચિત્સ્વભાવથી જ થાય છે. ચિત્સ્વભાવવડે જ ઉત્પાદ–વ્યય–ધ્રુવ કરાય છે, એટલે ચૈતન્યના ઉત્પાદમાં – વ્યયમાં કે ધ્રુવમાં ક્યાંય પરદ્રવ્ય કે વિકલ્પ નથી, પર વડે કે વિકલ્પ વડે કાંઈ ચૈતન્યના ઉત્પાદ વ્યય– ધ્રુવ કરાતા નથી; ચૈતન્યભાવના ઉત્પાદ– વ્યય– ધ્રુવને રાગાદિ સાથે કર્તા – કર્મનો સંબંધ નથી; એટલે ધર્મીજીવ કર્તા થઈે પોતાના ચૈતન્યના ઉત્પાદ – વ્યય – ધ્રુવને કરે છે પણ રાગાદિને તે કરતો નથી.

ભાઈ, ચૈતન્યભાવથી ભરેલો ભગવાન તું છો; તેની દ્રષ્ટિ કર. બાકી બીજા બધાને ભૂલી જા. શરીર–મકાન વગેરેને તો તું કરતો નથી, રાગાદિને પણ કરવાનું તારા ચૈતન્ય ભાવમાં નથી. ચૈતન્યસ્વભાવને અનુભવનાર ધર્મીજીવને ‘હું શુદ્ધ છું’ એવા વિકલ્પનોય પક્ષ નથી એટલે તેનું કર્તાપણું નથી. મારી ચૈતન્યવસ્તુ પુણ્ય – પાપ વિનાની ચીજ છે, એવા ચૈતન્યસ્વભાવપણે પોતાને લક્ષમાં લીધો ત્યાં ઉત્પાદ–વ્યય – ધ્રુવ ત્રણે ચૈતન્યરૂપ થયા, રાગ – વિકલ્પ તેમાં ન આવ્યા. જે પર્યાયે ચૈતન્યસ્વભાવનો નિર્ણય કર્યો તે પર્યાય પણ ચૈતન્યરૂપ થઈ, ને રાગથી જુદી થઈ ગઈ.

પર્યાય જ્યારે અંતર્મુખ થઈ ત્યારે તેને દ્રવ્ય – પર્યાય બંનેનો અનુભવ એકસાથે થાય છે – એમ કહ્યું. પર્યાય અંતર્મુખ થઈ ત્યાં ધ્રુવસ્વભાવનું પણ ભાન થયું. પર્યાય અંતરમાં વળ્યા વગર ધ્રુવસ્વભાવને જ્ઞેય કર્યો કોણે? પર્યાય અંતર્મુખ થઈ ત્યારે મારા ઉત્પાદ– વ્યય– ધ્રુવ ત્રણેમાં મારો ચૈતન્યસ્વભાવ વ્યાપે છે એમ ભાન થયું; એણે સ્વઘરને જોયું. આ દ્રવ્ય ને આ પર્યાય એવા ભેદ કે વિકલ્પ અનુભૂતિમાં નથી. આવી અભેદ નિર્વિકલ્પ અનુભૂતિસહિત સમ્યગ્દર્શન થાય છે.

અહો, આચાર્યભગવંતો તો હાલતા–ચાલતા સિદ્ધ જેવા હતા; તેમની વાણીમાં અમૃત ભર્યું છે; તેમણે અનુભવનું અલૌકિક વર્ણન કર્યું છે. ભાઈ, અત્યારે આ સમજવાનો અવસર છે. આ તારી વસ્તુને નહીં સમજ તો જન્મ–મરણના ક્યાં આરા આવશે? તારા ચૈતન્યના ઉત્પાદ–વ્યય ધ્રુવ તો તારા ચૈતન્યભાવવડે કરાય કે રાગવડે કરાય? ભાઈ, આ સમજવા માટે બહારની પૈસા – શરીર વગેરેની કયાં જરૂર છે? પૈસા હોય, શરીર નીરોગ હોય તો જ આ સમજાય એવું કાંઈ નથી. પોતાની પર્યાય અંતરમાં લઈ જતાં, પોતાના ચૈતન્યભાવવડે જ આત્મા સમજાય છે. ઉત્પાદ– વ્યય – ધ્રુવ ત્રણેરૂપ એક વસ્તુ છે, ઉત્પાદ– વ્યય જુદા ને ધ્રુવ જાુદી વસ્તુ – એમ અહીં નથી કહેવું; ઉત્પાદ– વ્યય – ધ્રુવ ત્રણેથી ભાવિત ચૈતન્યવસ્તુ એક છે. પર્યાય ધ્રુવમાં લીન થયેલી છે. આવા સ્વઘરમાં આવ્યા વગર જીવને શાંતિ નહિ આવે. પરઘરમાં શાંતિ માની છે, પણ તેમાં એકલું દુઃખ છે. તેમાં દુઃખ અને અશાંતિ લાગે તો સ્વઘર તરફ વળે ચૈતન્યની વીતરાગી શાંતિને વેદે તો તે શાંતિ પાસે તેને પુણ્ય – પાપ અગ્નિની ભઠ્ઠી જેવા લાગે. ચૈતન્યની શાંતિના વેદન વગર શુભરાગની અશાંતિનો ખરો ખ્યાલ ન આવે.

કેવળીભગવાન ચૈતન્યસ્વભાવપણે રહીને પોતાના ઉત્પાદ– વ્યય—ધ્રુવને કરે છે; તેમ સાધકધર્મી પણ ચૈતન્યભાવપણે જ પોતાના ઉત્પાદ – વ્યય – ધ્રુવને કરે છે. રાગાદિભાવોથી ચૈતન્યભાવ જાુદો જ છે, તે રાગ સાથે ધર્મીના ચૈતન્યભાવને કર્તાકર્મપણું નથી. એક શુદ્ધનયના વિકલ્પનુંય કર્તાપણું જ્ઞાનમાં જેને રહે તે તેણે શુદ્ધાત્મારૂપ સમયસારને અનુભવ્યો નથી. શુદ્ધઆત્મા નયોના વિકલ્પોથી પાર, તેમાં વિકલ્પનું કર્તાકર્મપણું કેવું?

‘ચૈતન્યસ્વભાવ હું છું” એમ સ્વસન્મુખ થઈને પર્યાય નકકી કરે છે. પર્યાય સ્વસન્મુખ થયા વગર સ્વભાવનો નિર્ણય કર્યો કોણે? અહો, ચૈતન્યસ્વભાવ અપાર છે– જેના ગુણોનો પાર નથી, જેના મહિમાનો પાર નથી, – આવો ‘સમયસાર’ હું છું એમ ધર્મી અનુભવે છે. સમસ્ત બંધપદ્ધત્તિને છોડીને હું આત્માને અનુભવું છું, – એટલે

પર્યાયે જ્યાં અંતર્મુખ થઈને શુદ્ધઆત્માને અનુભવ્યો ત્યાં તેમાં બંધપદ્ધત્તિ (શુભા શુભ વિકલ્પો) રહેતા જ નથી; જ્ઞાન તેનાથી જાુદું પડી ગયું એટલે તેણે બંધપદ્ધત્તિને છોડી દીધી એમ કહેવાય છે.

ઉત્પાદ–વ્યય ને ધ્રુવ ત્રણ ભેદ અનુભવમાં રહેતા નથી; ત્રણરૂપ એક ચૈતન્યવસ્તુ છે, તેના અનુભવમાં વિકલ્પની જાળ ઉત્પન્ન થતી નથી. અપાર એવા સમયસારને સ્વસંવેદનમાં સાક્ષાત્ કરીને ધર્મી કહે છે કે અમે અમારા અપાર ચૈતન્યતત્ત્વને બંધ ભાવોથી જુદું જ અનુભવીએ છીએ તે અનુભવમાં 'ધ્રુવ છું – એક છું' એવા પણ વિકલ્પ રહેતા નથી. શુદ્ધાત્માને હું વિકલ્પવડે નથી અનુભવતો, પણ ચૈતન્યભાવ વડે જ અનુભવું છે.

નિર્વિકલ્પ અનુભવ થતાં, કેવળજ્ઞાનાદિ અપાર ગુણવાળા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે; તેમાં પર્યાય પણ ભેગી જ છે. પણ આ પર્યાય છે ને હું અનુભવ કરું છું એવા કોઈ ભેદ–વિકલ્પ ત્યાં રહેતા નથી. 'આ દ્રવ્ય, આ પર્યાય' એવા ભેદના વિકલ્પ અનુભવમાં રહેતાં નથી. વિકલ્પમાં તો આકુળતા છે; અનુભવમાં નિર્વિકલ્પ આનંદનું વેદન છે. જુઓ, આ સમયગ્દર્શન થવાની દશાનું વર્ણન છે. મુનિપણું વગેરે તો સમ્યગ્દર્શનપૂર્વકની ઘણી ઊંચી વીતરાગદશા છે; પણ સમ્યગ્દર્શનના અનુભવની દશા પણ અલૌકિક છે.

આવું સમ્યગ્દર્શન કેમ થાય તેની અપૂર્વ વાત આ ૧૪૪ મી ગાથામાં આચાર્યદેવે સમજાવી છે. જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત થતો નથી એટલે જેની અનુભૂતિમાં સમસ્ત વિકલ્પ – વ્યાપાર અટકી ગયો છે, એવી અનુભૂતિરૂપે પરિણમેલા આત્માને 'સમયસાર' કહેવામાં આવે છે. જુઓ, શુદ્ધ પરિણતિરૂપે પરિણમેલા આત્માને 'સમયસાર' કહેવાય છે; તેને જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અનુભૂતિ વગેરે નામથી કહેવાય છે. એકલા દ્રવ્યને સમયસાર ન કહ્યો, પણ શુદ્ધ પર્યાયરૂપે પરિણમેલા આત્માને જ 'સમયસાર' કહ્યો છે.

## વિકલ્પાતીત, જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ આત્મા તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમયસાર છે

જ્ઞાનની અનુભૂતિરૂપ થયેલો આત્મા વિકલ્પોથી જુદો છે, તે સમયસાર છે. સ્વ–

ભાવથી તો સદા શુદ્ધ છે, પર્યાયમાં શુદ્ધ થઈને અનુભવ કર્યો ત્યારે તેને 'સમયસાર' કહ્યો. તે નયપક્ષના વિકલ્પવડે ખંડિત થતો નથી, કેમકે તે વિકલ્પથી જુદો જ છે, વિકલ્પનો તેમાં પ્રવેશ જ નથી. આવા સમયસારને એકને જ સમ્યગ્દર્શન વગેરે નામ અપાય છે. તે અલૌકિક ચીજ છે, બીજા કોઈ વડે તેનું મૂલ્યાંકન થઈ શકે નહીં. સંયોગ વડે કે શુભરાગ વડે સમ્યગ્દર્શનની કિંમત ટાંકી શકાય નહીં.

સમ્યગ્દર્શન માટે પ્રથમ તો પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો; તે નિર્ણય કોઈ વિકલ્પના અવલંબને નહિ પણ શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ થાય છે. જ્ઞાનસ્વભાવ વિકલ્પથી પાર છે તેને નિર્ણયમાં લેતાં, મતિ – શ્રુતજ્ઞાન ઇન્દ્રિય – મનથી છૂટીને અંતરમાં સ્વભાવસન્મુખ થઈને આત્માને અનુભવે છે, – સમ્યક્પણે દેખે છે અને શ્રદ્ધે છે, તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આવા ભાવસ્વરૂપ થયેલા આત્માને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. તેણે જ્ઞાનની જાતરૂપ થઈને જ્ઞાનનો અનુભવ કર્યો, આનંદના વેદન સહિત જ્ઞાનની અનુભૂતિ થઈ, તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

શુદ્ધ કે અશુદ્ધ, એક કે અનેક એવા નયોના વિકલ્પો તે તો દુઃખ છે, આકુળતા છે, આત્માની અનુભૂતિ કરનાર જીવ અંતર્મુખ જ્ઞાનવડે તે સમસ્ત નયપક્ષોને ઓળંગી ગયો છે. જેણે આવી અનુભૂતિ કરી તે જીવ સિદ્ધના પાટલે બેઠો, એને હવે આત્માના હિતનો ધંધો કરતાં આવડશે, એટલે સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્ર – વીતરાગતાને કેવળજ્ઞાનને તે સાધશે. આ તો સંતોના અંતરની વાતું છે.

અહો! સમયસાર એટલે તો ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનનો દીવડો છે.... જેના ભાવનું ભાસન આત્માની અનુભૂતિ આપે છે. આ સમયસાર તો આત્માના અનુભવને પ્રકાશનારો અદ્વિતીય દીવડો છે. જગત માને – ન માને તેની સાથે ધર્મીને શું સંબંધ છે? ફૂલ પોતે સ્વભાવથી સુગંધી છે, તે જંગલમાં હો કે ગામની વચ્ચે હો, કોઈ તેની સુગંધને સૂંઘે ને ન સૂંઘે, તેની સાથે ફૂલને સંબંધ નથી, તે તો પોતાના સ્વભાવથી સુંગધપણે ખીલે છે; સુગંધપણે ખીલવું એ તેનો સ્વભાવ જ છે, તેમ ધર્મી જીવ પોતાની શાંતિને પોતામાં વેદે છે. બહારમાં પુણ્યના ઠાઠ હો કે ન હો, લોકો એને માને કે ન માને, તેની સાથે ધર્મીની શાંતિનો સંબંધ નથી, તે તો પોતાના આત્માને માટે જ પોતાના સ્વભાવથી શાંતભાવરૂપ પરિણામે છે, ને પોતે પોતાની શાંતિને વેદીને તૃપ્ત થાય છે. બીજા માને તો જ અહીં શાંતિ થાય – એવું કાંઇ નથી.

જીવે પોતાના હિતને માટે પ્રથમ શું કરવું? કે હું જ્ઞાનસ્વભાવ છું એમ નકકી કરીને તેનો અનુભવ કરવો. સંતોએ શ્રુતમાં જેવો કહ્યો છે તેવો જ્ઞાનસ્વભાવ શ્રુતજ્ઞાનના અવલંબનથી નકકી કરવો. પુણ્ય – પાપના વિકલ્પો હું નહીં, હું તો જ્ઞાનસ્વભાવ છું – એમ પહેલેથી નકકી કરવું. ભાઈ! આ દેહનો ડોલો તો ડોલી રહ્યો છે – ક્ષણમાં તે પડી જશે. તો તેનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવ આત્મા તું છો – એમ નકકી કર.

## જ્ઞાનસ્વભાવના નિર્ણયની તાકાત વિકલ્પથી પાર છે

આહા! આવા સ્વરૂપને સાંભળીને તેનો નિર્ણય કરવાની ક્ષણ તે પણ કોઈ જુદી જાતની છે. નિર્ણય કરવા ટાણે વિકલ્પ હોય પણ તે જ વખતે વિકલ્પને ઓળંગવાનું નિર્ણયમાં લ્યે છે. આ વિકલ્પ રાખવા જેવો છે – એવો નિર્ણય નથી કર્યો, પણ આ વિકલ્પ છોડવા જેવો છે, –એમ નિર્ણયમાં લીધું છે, એટલે વિકલ્પથી જાુદું જ્ઞાન નિર્ણયમાં લીધું છે. સંતોનો જે ઉપદેશ છે તે પણ જ્ઞાન અને વિકલ્પની ભિન્નતા બતાવીને વિકલ્પ છોડાવવા માટે છે. પહેલેથી જ વિકલ્પથી જુદા જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને ઉપડયો છે, તે જીવ વિકલ્પને ઓળંગીને, જ્ઞાનને અંતર્મુખ કરીને સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ કરે છે. સંતોનો અભિપ્રાય વિકલ્પ છોડવાનો છે, ને શ્રોતા પણ તેવો અભિપ્રાય સમજીને સાંભળે છે, એટલે શ્રવણના કાળે પણ શ્રવણના વિકલ્પ ઉપર તેનું જોર નથી, પણ ‘વિકલ્પથી પાર ચૈતન્યતત્ત્વ સંતો કહે છે’ તે ધ્યેય ઉપર તેનું જોર જાય છે. આ રીતે જ્ઞાન અને વિકલ્પની ભિન્નતાના લક્ષે ઉપડેલો જીવ વિકલ્પ તોડીને જ્ઞાનસ્વભાવનો અનુભવ કરે છે.

અનુભવી સંતોની વાણી તે આગમ છે; તેમાં જ્ઞાનસ્વભાવ વિકલ્પથી ભિન્ન બતાવ્યો છે. આવા શ્રુતના શ્રવણ વખતે વિકલ્પ છે, પણ તે વિકલ્પ રાખવા માટે નથી, છોડવા માટે છે – એવો તેનો નિર્ણય છે; એટલે નિર્ણયમાં વિકલ્પના અવલંબનનો અભિપ્રાય નથી પણ વિકલ્પ છોડીને જ્ઞાનસ્વભાવના અવલંબનનો જ અભિપ્રાય છે. વિકલ્પ હતો તે કાંઈ નિર્વિકલ્પ અનુભવનું કારણ નથી; જ્ઞાનસ્વભાવનું અવલંબન કરતાં આ વિકલ્પ તૂટી જશે – એમ તેણે લક્ષમાં લીધું છે. ‘જ્ઞાનસ્વભાવ છું’ એવો નિર્ણય કયારે થાય? કે વિકલ્પ તે મારા સ્વભાવનું કાર્ય નથી – એમ નકકી કર્યું ત્યારે જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય છે.

અહો, નિર્ણયમાં કેટલી તાકાત છે! વિકલ્પથી લાભ માને તે નિર્ણય સાચો નહિ. ‘જ્ઞાનસ્વભાવ’ જ ત્યારે નકકી થાય કે વિકલ્પથી જાુદો પડે ત્યારે; કેમકે જ્ઞાનસ્વભાવમાં વિકલ્પની તો નાસ્તિ જ છે. ભાઈ! આત્માના અનુભવની રમતું જાુદી છે. – જેનો નિર્ણય કરતાં આખી દુનિયાનો રસ ઊડી જાય; આખી દુનિયા ફરે તોય એનો નિર્ણય ન ફરે. કેમકે તે નિર્ણયમાં જ્ઞાનસ્વભાવનું જ અવલંબન છે, બીજા કોઈનું અવલંબન એમાં નથી. ભાઈ! એકવાર હૈયું સરખું રાખીને આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર. ‘જ્ઞાન સ્વભાવ છું’ એમ નિર્ણય કરવા જાય ત્યાં રાગની – પુણ્યની – સંયોગની હોંશ રહે નહીં, કેમકે તેનાથી જાુદા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો છે, તે નિર્ણય કરવા માટે અંતરસ્વભાવ તરફ જ્ઞાન ઢળે છે. વચ્ચે વિકલ્પ હોય છે પણ જ્ઞાનનો ઝુકાવ તે વિકલ્પ તરફ નથી, જ્ઞાનનો ઝુકાવ જ્ઞાનસ્વભાવ તરફ જ છે; તે જ્ઞાન કાંઈ વિકલ્પને રચતું નથી, જાુદું રહે છે. (જ્ઞાનસ્વભાવના અપૂર્વ નિર્ણયની વાત સાંભળતા મુમુક્ષુઓ ડોલી ઊઠે છે ને કહે છે કે અહો! (આત્માના અનુભવની એકદમ સરસ વાત છે!)

ભગવાન! તારા સ્વભાવના નિર્ણયની વાત પણ અપૂર્વ છે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરનારને બીજા કોઈનો મહિમા રહેતો નથી, કે તેના વડે પોતાની મોટાઈ ભાસતી નથી. અહો, આવો જ્ઞાનસ્વભાવ પ્રસિદ્ધ કરીને ‘આત્મખ્યાતિ’ માં આચાર્યદેવે કમાલ કરી છે! ભાઈ, જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવા જઈશ ત્યાં વિકલ્પમાંથી તારી બુદ્ધિ હટી જશે. આવો નિર્ણય કરે તે જ્ઞાનસ્વભાવ તરફ ઝુકીને નિર્વિકલ્પ અનુભવ કરે છે. અહો, ચૈતન્યના અનંત કિરણોનો પ્રકાશ અનુભવમાં ઝળકી ઊઠે છે.... અનંત ગુણનાં કિરણો એક સાથે ફૂટે છે. જે અનુભૂતિમાં ભગવાન પ્રગટયા તેની શી વાત! બાપુ, તારી અનુભૂતિમાં તારો ચૈતન્ય ભગવાન ન આવે ને એકલી પામરતારૂપે જ તું તને દેખ તો તારો સાચો આત્મા તેં દેખ્યો નથી, ભગવાને કહેલા જ્ઞાનસ્વભાવને તેં નિર્ણયમાં પણ લીધો નથી. અરે, એકવાર જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને તેનો નિર્ણય તો કર. નિર્ણયમાં સાચું સ્વરૂપ આવ્યા વગર તું અનુભવ કોનો કરીશ? માટે કહ્યું કે પ્રથમ જ જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરવો.

**આ વાત કોઈ સાધારણ નથી; આ તો અંતરના સ્વભાવને અનુભવમાં લઈને પર્યાયમાં પ્રસિદ્ધ કરવાની અપૂર્વ વાત છે. મોક્ષલક્ષ્મીને માટે આ કેવળીપ્રભુનાં કહેણ છે. સ્વભાવના ગંભીરભાવો આમાં ભર્યા છે. જે લક્ષમાં લેતાં રાગ વગરની અનુભૂતિમાં આત્માનો સાક્ષાત્કાર થાય, પરમેશ્વર આત્મા પોતાની પર્યાયમાં પ્રસિદ્ધ થાય - એવો સ્વભાવ બતાવ્યો છે. આ ટીકાનું**

**નામ પણ 'आत्मख्याति' છે; આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ, આત્માની અનુભૂતિ કેમ થાય તે આચાર્યભગવાને આમાં બતાવ્યું છે.**

જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યાં પછી સાક્ષાત્ અનુભવ કેમ થાય એટલે સમ્યગ્દર્શન કેમ થાય? તે અદ્ભુત શૈલીથી સમજાવ્યું છે. નિર્ણય કરનાર જીવ પોતાના મતિ શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરે છે. વિકલ્પ તો પરસન્મુખ છે; તે કાંઈ આત્મસન્મુખ થઈ શકતો નથી; વિકલ્પથી છૂટું પડીને અતીન્દ્રિય થયેલું જ્ઞાન જ આત્મસન્મુખ થાય છે, ને તે જ્ઞાન નિર્વિકલ્પ વિજ્ઞાનઘન વિજ્ઞાનઘન આત્માને સાક્ષાત્ અનુભવે છે. – આવી અનુભૂતિ તે જ સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાન છે, તે જ અતીન્દ્રિય આનંદ છે; તેમાં એક સાથે અનંત ગુણની નિર્મળતાની અનુભૂતિ છે; તેથી જે કાંઈ કહો તે બધું આ એક અનુભૂતિમાં જ સમાય છે.... આવી અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા તે જ સમયસાર છે... . તે જ સમયનો સાર છે.

[ વીર સં. ૨૪૯૮ ના આત્મધર્મના ગ્રાહકોને અપાયેલું ભેટપુસ્તક ]

સૌને ગમી જાય, ને સ્વાધ્યાય કરતાં શાંતિ આપે એવું, ૩૬૮ પાનાનું આ સચિત્ર પુસ્તક દરેક જિજ્ઞાસુએ વાંચવા યોગ્ય છે. કિંમત રૂા. ૩.૨૫

(પોસ્ટથી મંગાવનારે ચાર રૂપિયા મોકલવા,)

રત્નસંગ્રહણ (એકસો આધ્યાત્મિક રત્નોનો સંગ્રહ) જેણે વાંચ્યું તેને ગમ્યું: ભાગ ૧–૨, દરેકની કિંમત ૦–૮૦ (પોસ્ટથી એક રૂપિયો) દર્શન કથા – ૦–૭૦ અકલંક – નિકલંક (નાટક) ૦–૮૦

'આત્મભાવના' ભેટ પુસ્તક ગયા વર્ષના ગ્રાહકોને અપાયેલ તે વર્ષ પૂરું થઈ ગયું છે. છતાં જેમણે હજી સુધી ભેટપુસ્તક ન મેળવ્યું હોય તેમણે તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં મેળવી લેવા વિનંતી છે. કદાચ આપનું કુપન ગુમ થયું હોય તોપણ આપનું નામ એડ્રેસ ને ૭૦ પૈસાની ટિકિટ મોકલવાથી પુસ્તક મોકલવામાં આવશે. તા. ૩૧ જાન્યુઆરી પછી તે પુસ્તક આપવાનું બંધ થશે.

## ચૈતન્યરત્નના કણિયા

* વસ્તુમાં કારણસ્વભાવ સદાય વિદ્યમાન હોવા છતાં, કાર્યરૂપ થયેલો આત્મા જ તેને સ્વીકારે છે કે 'મારા કાર્યનું કારણ આ મારો કારણપરમાત્મા છે. ' – બીજું કોઈ મારું કારણ નથી.

* જેમ જ્ઞાયકપણું ઉપાસ્યું ત્યારે જ તે જ્ઞાયકને શુદ્ધ કહ્યો; તેમ કારણ સ્વભાવને કારણપણે ઉપાસીને પર્યાયમાં શુદ્ધકાર્ય થયું ત્યારે જ તે 'કારણ' ને કારણ કહ્યું. કાર્ય વગર 'કારણ' કોનું? 'આ મારું કારણ ' – એવો સ્વીકાર કાર્ય વગર કોણ કરશે? આ રીતે કારણ – કાર્યની સંધિ છે.

* ધ્રુવ તે ધ્રુવ છે – પણ ઉત્પાદપરિણિત ધ્રુવમાં તન્મય થઈ ને પરિણમી ત્યારે 'આ ધ્રુવ હું છું' એમ અનુભવ્યું. પર સામે જોઈને 'આ ધ્રુવ હું છું' એમ પ્રતીત થાય નહીં, ધ્રુવ સાથે પર્યાય એકાકાર થઈને જ તેની પ્રતીત થાય છે.

### કાયાકલ્પ - મલિનદેહને પૂજ્ય બનાવવાની રીત

* સાત ધાતુથી બનેલા ને મળમૂત્રથી ભરેલા એવા અપવિત્ર દેહને પણ, હે ભવ્ય! શુદ્ધચિદ્રૂપના ચિંતનવડે તું બીજાઓ વડે પૂજ્ય બનાવ.

મોહીજીવો 'કાયાકલપ' વડે શરીરને સારૂં રાખવા મથે છે, પણ શરીર એના અપવિત્રસ્વભાવને કદી છોડવાનું નથી; તેને પૂજ્ય બનાવવાનો ઉપાય એક જ છે કે શુદ્ધચિદ્રૂપનું ચિંતન કરવું શુદ્ધ ચૈતન્યનું ચિંતન કરનાર પુરુષનો દેહ પણ અન્ય લોકો વડે પૂજાય છે. (તત્ત્વજ્ઞાનતરંગિણી – ૨–૨૫)

### બે ભાવ જુદા.... બંનેના કાર્ય જુદા

* પ્રશ્ન :– સમકિતી લડાઈ કરે છે?

ઉત્તર :– સમકિતીને સમ્યક્ત્વાદિભાવ અને ક્રોધાદિભાવ બંને જુદા છે; તેમાં જે સમ્યક્ત્વનો ભાવ છે તે લડાઇ કરતો નથી; જે ક્રોધનો ભાવ છે તે લડાઇમાં જોડાય છે. સમ્યક્ત્વભાવ તો તે ક્રોધ અને લડાઈ બંનેથી જુદો જ છે.

બે જુદા ભાવોનું કાર્ય પણ જુદું છે, તે ઓળખવું જોઇએ. એકના કાર્યને બીજામાં ભેળવવું ન જોઇએ. સમ્યક્ત્વના કાર્યને ક્રોધાદિમાં ન ભેળવવું, ક્રોધાદિભાવોને સમ્યક્ત્વમાં ન ભેળવવા. પોતામાં પણ બંને ભાવોને જુદા ઓળખીને ભેદજ્ઞાન કરવું.

# વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી

( છહઢાળાની ત્રીજી ઢાળના પ્રવચનો ઉપરથી સંકલનઃ ગતાંકથી ચાલુ )

૨૫૨. જીવની ભૂલ ક્યારે છૂટે?

પોતાની ભૂલને, તેમજ પોતાના ગુણને જાણે ત્યારે.

૨૫૩. જીવને સુખ – દુઃખનું કારણ કોણ?

પોતાના ગુણ – દોષ; બીજાું કોઈ નહીં, કર્મ પણ નહીં.

૨૫૪. આત્માનો સ્વભાવ દુઃખનું કારણ થાય?

ના; આત્માનો સ્વભાવ સુખનું જ કારણ છે.

૨૫૫. રાગ કે પુણ્ય કદી સુખનું કારણ થાય?

ના; રાગ ને પુણ્ય તો સદાય દુઃખનું જ કારણ છે.

૨૫૬. આમ જાણનાર જીવ શું કરે છે?

પુણ્ય – પાપથી જુદો પડીને આત્મા તરફ વળે છે.

૨૫૭. પુણ્યથી ભવિષ્યમાં સુખ મળશે એ સાચું? – ના.

૨૫૮. અજ્ઞાનીઓ કોને આદરે છે?

પુણ્યને.

૨૫૯. જ્ઞાની કોને આદરે છે?

પુણ્ય – પાપ વગરની જ્ઞાનચેતનાને,

૨૬૦. આત્માને એકકોર મુકીને ધર્મ થઈ શકે?

કદી ન થાય, આત્માને ઓળખીને જ ધર્મ થાય.

૨૬૧. સમ્યગ્દર્શનનાં નિમિત્ત કોણ છે?

સાચાં દેવ – ગુરુ – ધર્મ સમ્યક્ત્વનાં નિમિત્ત છે.

૨૬૨. ગુણ શું? પર્યાય શું?

દ્રવ્ય શું? ટકે તે ગુણ; પલટે તે પર્યાય; ગુણ પર્યાયવંત દ્રવ્ય.

૨૬૩. વીતરાગી દેવ કોણ? – અરિહંત અને સિદ્ધ.

૨૬૪. નિર્ગ્રંથ ગુરુ કોણ? – આચાર્ય ઉપાધ્યાય – સાધુ.

૨૬૫. સાચો ધર્મ કયો? – સમ્યક્ત્વાદિ વીતરાગભાવ.

૨૬૬. ઇંડામાં જીવ છે?

હા; તે પંચેન્દ્રિય જીવ છે; તેનો આહાર તે માંસાહાર જ છે.

૨૬૭. વીતરાગમાર્ગમાં અહિંસા કોને કહે છે?

રાગાદિ ભાવોથી રહિત શુદ્ધભાવ તે અહિંસા છે

૨૬૮. હિંસા કોને કહે છે?
જેટલા રાગાદિ ભાવો છે તેટલી ચૈતન્યની હિંસા છે.

૨૬૯. હિંસા – અહિંસાનું આવું સ્વરૂપ કયાં છે?
સર્વજ્ઞદેવના મતમાં જ છે; બીજે કયાંય નથી.

૨૭૦. આવા અહિંસા–ધર્મને કોણ ઓળખે છે?
સમ્યગ્દ્રષ્ટિ જ ઓળખે છે.

૨૭૧. જૈનસાધુ કેવા હોય છે?
સદા નિર્ગ્રંથ હોય છે; તેમને વસ્ત્ર હોતા નથી.

૨૭૨. એનાથી વિરુદ્ધ સાધુપણું માને તો?
– તો તેને સમ્યક્ત્વનાં સાચા નિમિત્તની ખબર નથી.

૨૭૩. જીવ કઈ વિદ્યા પૂર્વે કદી નથી ભણ્યો?
વીતરાગ – વિજ્ઞાનરૂપ સાચી ચૈતન્ય વિદ્યા કદી નથી ભણ્યો.

૨૭૪. જ્ઞાન આત્માથી કદી જુદું કેમ નથી પડતું?
– કેમકે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ જ છે.

૨૭૫. કર્મ અને શરીર કેવાં છે?
આત્માથી જુદી જાતનાં છે, તે આત્માનું સ્વરૂપ નથી.

૨૭૬. પુણ્ય – પાપવાળો આત્મા તે ખરો આત્મા છે?
ના; ખરો આત્મા ચેતનારૂપ ને આનંદરૂપ છે.

૨૭૭. મુમુક્ષુજીવને શું સાધ્ય છે?
મુમુક્ષુજીવને મોક્ષપદ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી.

૨૭૮. સાચો આનંદ ( મોક્ષનો આનંદ ) કેવો છે?
‘સ્વયંભૂ’ છે, આત્મા જ તે – રૂપ થયોછે.

૨૭૯. સાધકદશાનો સમય કેટલો? ...
અસંખ્ય સમય.

૨૮૦. સાધ્યરૂપ મોક્ષદશાને કાળ કેટલો? ... અનંત.

૨૮૧. સિદ્ધદશા– મોક્ષદશા કેવી છે?
મહા આનંદરૂપ; સમ્યક્ત્વાદિ સર્વ ગુણ સહિત, આઠ કર્મ રહિત.

૨૮૨. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન છે તે રાગવાળું છે?
ના; ત્યાં રાગ હોવા છતાં સમ્યગ્દર્શન તો રાગ વગરનું જ છે.

૨૮૩. સમ્યક્ત્વ સાથેનો રાગ કેવો છે?
તે બંધનું જ કારણ છે; સમ્યક્ત્વ તે મોક્ષનું કારણ છે.

૨૮૪. કોઇને એકલું વ્યવહાર સમ્યગ્દર્શન હોય?

ના; નિશ્ચયપૂર્વક જ સાચો વ્યવહાર હોય.

૨૮૫. કોઈને એકલું નિશ્ચય સમ્યક્ત્વ હોય ?

હા, સિદ્ધભગવંતો વગેરેને એકલું નિશ્ચય સમ્યક્ત્વ છે.

૨૮૬. ચૈતન્યતત્ત્વ કેવું છે ?

અહા! એનો અદ્ભુત મહિમા છે, એમાં અનંત સ્વભાવો છે.

૨૮૭. સમ્યગ્દર્શન કેમ પ્રગટે છે ?

આનંદના અપૂર્વ વેદનસહિત સમ્યગ્દર્શન પ્રગટે છે.

૨૮૮. સમ્યગ્દર્શનની સાથે ધર્મીને શું હોય છે ?

નિઃશંકતાદિ આઠગુણ હોય છે.

૨૮૯. જેણે ચૈતન્યસુખ ચાખ્યું નથી તેને શું હોય છે ?

તેને ઊંડેઊંડે રાગની – પુણ્યની ભોગની ચાહના હોય છે.

૨૯૦. સમ્યગ્દ્રષ્ટિ–જીવ કયાં વર્તે છે ?

ચેતનામાં જ તન્મય વર્તે છે, રાગમાં વર્તતો નથી.

૨૯૧. ધર્મ કરશું તો પૈસા મળશે – એ સાચું ?

ના; એને ધર્મની ખબર નથી, તે તો રાગને ધર્મ સમજે છે.

૨૯૨. ધર્મથી શું મળે ? –ધર્મથી આત્માનું વીતરાગીસુખ મળે.

૨૯૩. પુણ્યરૂપ ધર્મ કેવો છે ?

તે સંસાર – ભોગનો હેતુ છે, તે મોક્ષનો હેતુ નથી.

૨૯૪. તે પુણ્યને કોણ ઇચ્છે છે – અજ્ઞાની.

૨૯૫. ધર્મી કોને વાંછે છે ?

તે પોતાના ચૈતન્ય–ચિંતામણિ સિવાય કોઇને વાંછતો નથી.

૨૯૬. સ્વર્ગનો દેવ આવે તો ?

– તે કાંઈ ચમત્કાર નથી; ખરો ચમત્કાર તો ચૈતન્યદેવનો છે.

૨૯૭. વીતરાગતાનો સાધક ધર્મી કોને નમે ?

વીતરાગી દેવ સિવાય બીજા કોઈ દેવને તે નમે નહિ.

૨૯૮. અરિહંતના શરીરમાં રોગ કે અશુચી હોય ? – ના.

૨૯૯. સાધકના શરીરમાં રોગાદિ હોય ?

હા; પણ અંદર આત્મા સમ્યક્ત્વાદિથી શોભી રહ્યો છે.

૩૦૦. મુનિઓનો શણગાર શું ? રત્નત્રય તેમનો શણગાર છે ?

૩૦૧. એવા મુનિઓને દેખતાં આપણને શું થાય છે ?

અહો, બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

૩૦૨. ધર્મમાં મોટો કોણ ?

જેના ગુણ વધારે તે મોટો; ધર્મમાં

પુણ્યવડે મોટાઈ નથી.

૩૦૩. ધર્મી એકલો હોય તો?

– તો પણ તે મુંઝાય નહીં; સત્ય માર્ગમાં તે નિઃશંક છે.

૩૦૪. જેમ માતાને પુત્ર વહાલો છે, તેમ ધર્મીને શું વહાલું છે?

ધર્મીને વહાલા છે સાધર્મી, ધર્મીને વહાલા છે રત્નત્રય

૩૦૫. ધર્મની સાચી પ્રભાવના કોણ કરી શકે?

જેણે પોતે ધર્મની આરાધા કરી હોય તે.

૩૦૬. ધર્મીને ચક્રવર્તીપદનોય મદ કેમ નથી?

કેમકે ચૈતન્ય–તેજ પાસે ચક્રવર્તીપદ ઝાંખું લાગે છે.

૩૦૭. મનુષ્યનો ઉત્તમ અવતાર પામીને શું કરવું?

ચૈતન્યની આરાધનાવડે ભવના અંતનો ઉપાય કરવો.

૩૦૮. પુત્રને દીક્ષા માટે માતાએ કઇ શરતે રજા આપી?

– એવી શરતે કે, ફરીને બીજી માતા ન કરવી.

૩૦૯. શરીરના સુંદર રૂપનો મદ ધર્મીને કેમ નથી?

કેમકે સૌથી સુંદર એવું ચૈતન્યરૂપ તેણે દેખ્યું છે?

૩૧૦. કદરૂપો – કાળો – કુબડો મનુષ્ય ધર્મ કરી શકે? .... હા.

૩૧૧. શરીરના સુંદર રૂપથી આત્માની શોભા છે? .... ના.

૩૧૨. આત્મા શેનાથી શોભે છે? – સમ્યગ્દર્શનરૂપ આભૂષણથી.

૩૧૩. સૌથી ઊંચમાં ઊંચું ભણતર કયું?

જે જ્ઞાનવડે આત્માની અનુભૂતિ થાય તે.

૩૧૪. સાચા શ્રુતજ્ઞાનનું ફળ શું? .... આનંદ અને વીતરાગતા.

૩૧૫. બાહ્યભણતરની કે ઇન્દ્રિયજ્ઞાનની મહત્તા કોને લાગે?

આત્માના કેવળજ્ઞાનસ્વભાવને જે નથી જાણતો તેને.

૩૧૬. ધર્મીને બહારના ઠાઠ વૈભવનો મદ કેમ નથી?

કેમકે સૌથી શ્રેષ્ઠ એવો ચૈતન્ય વૈભવ તેણે દેખ્યો છે.

૩૧૭. ધર્મીનાં જાતિ અને કૂળ કયા છે?

અમે સિદ્ધભગવંતોની જાતના, તીર્થંકરોના કૂળના છીએ.

૩૧૮. ભરત અને બાહુબલી લડયા ત્યારે શું થયું?

તે વખતેય બંનેની જ્ઞાનચેતના રાગથી જુદી જ હતી.

૩૧૯. શુભરાગને ધર્મ માને તેને ત્યાગ વૈરાગ હોય ? – ના.

૩૨૦. સમ્યગ્દ્રષ્ટિ અવ્રતી હોય તોપણ પ્રસંસનીય છે ?

હા; અવ્રતી હોય છતાં તેનું સમ્યક્ત્વ પ્રશંસનીય છે.

૩૨૧. સંત–જ્ઞાનીઓ વારંવાર શું કહે છે ?

‘જરાપણ કાળ ગુમાવ્યા વગર સમ્યક્ત્વને ધારણ કરો.

૩૨૨. સમ્યગ્દર્શન તો ગમે તે ધર્મમાં થાય ને ?

ના; જૈનમાર્ગ સિવાય બીજે સમ્યગદર્શન હોતું નથી.

૩૨૩. સમ્યગ્દર્શન થતાં જીવને શું થયું ?

તે પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્‌યો.

૩૨૪. સમ્યગ્દર્શન વગરની શુભ કરણી પણ કેવી છે ?

તે પણ જીવને દુઃખકારી છે.

૩૨૫. શું નરકમાં સમ્યગ્દ્રષ્ટિ હોય ?

– હા, અસંખ્યાત છે.

૩૨૬. કોઇ સમ્યગ્દ્રષ્ટિ –મનુષ્ય મરીને વિદેહમાં ઊપજે ? – ના.

૩૨૭. જૈનમાર્ગ કેવો છે ?

–એ ભગવાન થવાનો માર્ગછે.

૩૨૮. ત્રણકાળ ને ત્રણલોકમાં જીવને શ્રેય શું છે ?

સમ્યક્ત્વ સમાન બીજુ કોઇ શ્રેય નથી.

૩૨૯. જીવને જગતમાં અહિતકારી શું છે ?

મિથ્યાત્વ સમાન અહિતકારી બીજું કોઈ નથી.

૩૩૦. મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વર્ગમાં જાય તો ?

– તે પણ સંસાર જ છે; તે કયાંય સુખી નથી.

૩૩૧. સુખી કોણ છે ?

સુખી તો સમકિતી છે કે જેણે ચૈતન્યતત્ત્વને જોયું છે.

૩૩૨. સમ્યક્ત્વ વગરની બધી કરણી કેવી છે ?

દુઃખની જ દેનારી છે.

૩૩૩. દુનિયા શું જુએ છે ?

દુનિયા તો બહારના ઠાઠમાઠને દેખે છે, ચૈતન્યને નથી દેખતી.

૩૩૪. ચૈતન્યના ધર્મો છે તે બધાનું મૂળ શું છે ?

સર્વે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે

‘– दंसणमूलो धम्मो’

૩૩૫. જીવે શીઘ્ર શું કરવા જેવું છે ?

હે જીવ ! તું સમ્યક્ત્વને શીઘ્ર ધારણ કર..... નકામો કાળ ન ગૂમાવ.

૩૩૬. જ્ઞાન ને ચારિત્ર તે સમ્યક્ત્વ વગર કેવાં છે ?

તે સમ્યક્ત્વપણું પામતાં નથી, એટલે કે મિથ્યા છે.

૩૩૭. રાગનાં રસ્તે મોક્ષમાં જવાય? –ના

૩૩૮. મોક્ષનો રસ્તો શું છે? – સમ્યક્ત્વ સહિત સ્વાનુભૂતિ.

૩૩૯. સમ્યક્ત્વને અને શુભરાગને કાંઈ સંબંધ છે?

ના; બંને ભાવો તદ્દ્ન જુદા છે.

૩૪૦. સમ્યક્ત્વ થતાં શું થયું?

પહેલાં જે ભવહેતુ થતું હતું તે હવે મોક્ષહેતુ થયું.

૩૪૧. સંસારમાં ભમતો જીવ કઈ બે વસ્તુ પૂર્વે નથી પામ્યો?

એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યકત્વ.

૩૪૨. ભગવાન પાસે તો જીવ અનંતવાર ગયો છે ને?

હા, – પણ તેણે ભગવાને ઓળખ્યા નહીં.

૩૪૩. ભગવાનને ઓળખે તો શું થાય?

આત્મા ઓળખાય ને સમ્યગ્દર્શન થાય જ.

૩૪૪. અનંતા જીવ મોક્ષ પામ્યા – તે બધા શું કરીને મોક્ષ પામ્યા?

સમ્યગ્દર્શન કરીકરીને અનંતા જીવો મોક્ષ પામ્યા છે.

૩૪૫. સમ્યગ્દર્શન વગર કોઈ મોક્ષ પામ્યું છે? – ના.

૩૪૬. સમ્યક્ત્વનો સરસ મહિમા સાંભળીને શું કરવું?

હે જીવ! તમે જાગો.... સાવધાન થાઓ.... ને સ્વાનુભાવ કરો.

૩૪૭. ૠષભદેવના જીવને સમ્યક્ત્વ પમાડવા મુનિઓએ શું કહ્યું?

'હે આર્ય! આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, માટે તું હમણાં જ સમ્યક્ત્વને ગ્રહણ કર.

૩૪૮. તે સાંભળીને ૠષભદેવના જીવે શું કર્યું?

મુનિઓની હાજરીમાં તે જ વખતે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું.

૩૪૯. આ ઉદાહરણ ઉપરથી અમારે શું કરવું?

સમ્યક્ત્વને ગ્રહણ કરો.... 'કાલ વૃથા મત ખોવો.'

૩૫૦. દેવોના અમૃત કરતાંય ઊંચો રસ કયો છે?

સમ્યગ્દષ્ટિનો અતીન્દ્રિય આત્મરસ

અમૃતથી પણ ઊંચો છે.

૩૫૧. સમ્યગ્દર્શન થતાં શું થયું?

અહા, સમ્યગ્દર્શન થતાં આત્મામાં મોક્ષનો સિકકો લાગી ગયો.

૩૫૨. આ કાળે સમ્યગ્દર્શન પામી

શકાય ?

હા, અનેક પામ્યા છે.

૩૫૩. આ ત્રીજા અધ્યાયમાં શેનો ઉપદેશ છે ?

મોક્ષના મૂળરૂપ સમ્યગ્દર્શનની આરાધનાનો.

૩૫૪. આ ઉપદેશ સાંભળીને શું કરવું !

‘હે જીવ ! તું આજે જ સમ્યક્ત્વને ધારણ કર ! ’

( જય જિનેન્દ્ર )

# શુદ્ધાત્માનો પૂજારી

ધર્મી કહે છે કે સુખના અમૃતથી ભરેલા શુદ્ધઆત્મતત્ત્વને હું સદા પૂજું છું; શેના વડે પૂજું છું ? કે ચૈતન્યના સમરસ વડે પૂજું છું. પૂજ્ય પણ પોતે, ને પૂજક પણ પોતે; બંને જુદા નથી, અભેદ છે; તે અભેદની અનુભૂતિમાં અમૃતરસ સમરસ – શાંતરસ ઉલ્લસે છે.

જુઓ, આમાં બે વાત આવી –

એક તો પૂજવા યોગ્ય ખરેખર પોતાનો શુદ્ધઆત્મા છે.

બીજું, તે શુદ્ધાત્માની પૂજા રાગવડે થતી નથી, વીતરાગી સમભાવ-વડે જ તેની પૂજા થાય છે. પૂજા એટલે તેની શ્રદ્ધા – જ્ઞાન તથા તેમાં લીનતા. આવી સ્વ-પૂજા તે પરમ અમૃતરસનાં સ્વાદનું કારણ છે, તે મોક્ષનો માર્ગ છે.

જેની પૂજા કરે તેનાથી વિરૂદ્ધ ભાવનો આદર કેમ થાય ? વીતરાગી ચૈતન્ય તત્ત્વને જે પૂજે તે રાગનો આદર કેમ કરે ? રાગનો આદર કરે તે તો વિષમભાવ છે, તેમાં શુદ્ધઆત્મા આવે નહિ ને શાંતિ મળે નહિ. રાગથી ભિન્ન થઈને ચૈતન્યભાવથી શુદ્ધ આત્માનો આદર કરતાં અંદર પરમ શાંતરસ ઝરે છે.

રાગ પૂજ્ય નથી, ને રાગ વડે શુદ્ધાત્માનું ખરૂં પૂજન થતું નથી. અંતરમાં શુદ્ધાત્મા પોતે પોતામાં તન્મયપણે જેટલો રાગરહિત સમભાવરૂપ પરિણમ્યો તેટલી તેની પૂજા – સ્તુતિ – નમન છે. જેને પોતે નમ્યો તેવી જાતનો ભાવ પ્રગટ કરીને તેમાં નમ્યો છે, પણ તેનાથી વિરુદ્ધ ભાવ વડે તેને નમન થતું નથી.

હે જીવ! પહેલાં નક્કી કર કે તને કિંમત કોની છે? શું જડની – શરીરની લક્ષ્મીની તને કિંમત લાગે છે? શું પુણ્યની ને રાગની તને કિંમત લાગે છે? શું બહારનાં જાણપણાની કે શાસ્ત્રભણતરની તને કિંમત લાગે છે? – કે એ બધાયથી પાર તારા શુદ્ધચૈતન્યતત્ત્વની અનુભૂતિની તને કિંમત છે? ખરી કિંમત પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વના અનુભવની છે; એ અનુભવ સિવાયનું બીજું તો બધું નિઃસાર છે, એની કાંઈ જ કિંમત નથી. આખા જગત કરતાં તને તારા આત્માની મોટપ ભાસવી જોઈએ. આત્માની મોટપ ભાસે એટલે બીજા બધાનો રસ ઊડી જાય; બહારનાં માન–અપમાનથી હાલક-ડોલક થઇ જતો હોય તે છૂટી જાય; અને અંદર ચૈતન્યના પાતાળને ફોડીને આનંદનો ધોધ ઊછાળે. આવી આનંદની રેલમછેલમાં ધર્મીનો આત્મા વર્તે છે. અરે, આવડા મોટા ચૈતન્યને ચૂકીને બહારની અનુકૂળતા – પ્રતિકૂળતામાં કે માન –અપમાનમાં જે વેચાઈ જતો હોય તો આત્માને ક્યાંથી સાધે? આત્માની ગંભીરતા જેને ભાસી નથી, આત્માના વૈભવનો મહિમા જેણે દેખ્યો નથી તેને આત્માનો પરમ સમભાવ ક્યાંથી પ્રગટે? અહા, વિશુદ્ધ ચૈતન્ય મહાતત્ત્વનો પરમ મહિમા જાણતાં જ જીવને મુક્તિના ઉત્તમ સુખનો સ્વાદ આવે છે, ને આત્મા ભવદુઃખથી દૂર થઈ જાય છે.

“અહો, આવા પરમતત્ત્વની ભાવનારૂપે અમે પરિણમ્યા છીએ. આનંદથી ભરેલા અમારા નિજાત્મતત્ત્વને અમે જાણ્યું છે. રાગમાં ડુબેલા જીવોને આવું પરમ તત્ત્વ ક્યાંથી દેખાય? પરમ તત્ત્વ તો આનંદમાં ડુબેલું છે, આનંદની અનુભૂતિ વડે અમે તેને દેખીએ છીએ. એમાં હવે દુઃખ કેવું? નિજાત્માના ઉત્તમ સુખને અમે સતત અનુભવીએ છીએ; ને ભવજનિત દુઃખથી તો અમે દૂર થયા છીએ.”

(નિયમસાર કળશ ૬૬ ઉપરના પ્રવચનમાંથી)

# આત્મસન્મુખ જીવની સમ્યક્ત્વ - સાધના

[ સમ્યગ્દર્શન – લેખમાળાઃ લેખ નં. ૪ ગતાંકથી ચાલુ ]

**સમ્યગ્દર્શન થતાં પહેલાં અને પછી જીવની રહેણીકરણી તથા વિચારધારાનું વર્ણન કરતી આ લેખમાળા સર્વે જિજ્ઞાસુઓને પસંદ આવી છે. ચોથા લેખનો એક ભાગ ગતાંકમાં આવી ગયો છે, બાકીનો ભાગ અહીં આપ્યો છે.**

શ્રીગુરુના ઉપદેશથી જે જીવ જાગ્યો, આત્માનું સ્વરૂપ સંભાળીને સ્વસન્મુખ થયો ને સમ્યગ્દર્શન પામ્યો, તે જીવનું આખું જીવન પલટી જાય છે. જેમ અગ્નિમાંથી બરફ બની જાય તેમ તેનું જીવન અશાંતિમાંથી છૂટીને પરમ શાંત બની જાય છે. અલબત્ત, બહારના જીવો એ દેખી નથી શકતા પણ એની અંદરની આત્મતૃપ્તિ, એનો ચૈતન્યપ્રાપ્તિનો પરમ સંતોષ, અને સતત ચાલી રહેલી મોક્ષસાધના – એને તો એ પોતે પોતાના સ્વસંવેદનથી સદાય જાણે છે, તેનો આખો આત્મા ઉલટ – સુલટ થઈ જાય છે. અહા ! એ અદ્ભુત દશાને વાણીથી વર્ણવવાનું મુશ્કેલ છે.

મુમુક્ષુ લોકોનું સદ્ભાગ્ય છે કે અત્યારે આવા કળિયુગમાં પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પંથ બતાવનારા, ભાવિતીર્થંકર સંત મળ્યા છે, – જેમણે અજ્ઞાનઅંધકારમાં ભટકતા જીવોને જ્ઞાનનો પ્રકાશ આપ્યો છે; માર્ગ ભૂલેલા જીવોને સત્ય રાહ બતાવ્યો છે; દુનિયામાં ચાલતા કુદેવ – કુગુરુ સંબંધી અનેક ભ્રમણા અને કુરીવાજોમાંથી અંધ શ્રદ્ધા છોડાવી છે, ને સીધી સડક જેવો સત્ય માર્ગ નિઃશંકપણે બતાવ્યો છે. તેમના પ્રતાપે આત્મહિતના સાચા માર્ગને ઓળખીને અનેક જીવો આત્મસન્મુખ થયા છે, તો કોઈ કોઈ જીવો એવા પણ છે કે જેમણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે.

સમ્યગ્દર્શન થયા પછી આત્મસન્મુખ જીવની અંતર્દશા તથા વિચારધારા પહેલાં કરતાં તદ્દન જુદી જાતની હોય છે. તે પોતાને રાગથી ભિન્ન ચૈતન્યની અનુભૂતિ સ્વરૂપ માને છે. તે જાણે છે કે મારું ચૈતન્યસ્વરૂપ જ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે. આત્મા દેહથી ભિન્ન એક મહાન ચૈતન્યતત્ત્વ છે; આત્માનું સ્વરૂપ ઇન્દ્રિયોથી કે રાગથી માપી શકાય તેવું નથી. આત્મા શુદ્ધ–બુદ્ધ – નિર્વિકલ્પ – ઉદાસીન – જ્ઞાનઆનંદસ્વરૂપ છે. શુભા

શુભરાગનું સેવન હું અનાદિથી કરતો હતો. પણ તે – રૂપે મારો આત્મા થઈ ગયો નથી. મારો આત્મા તો સુખનો ભંડાર ચૈતન્યરાજા છે; તેને ઓળખીને તથા તેની શ્રદ્ધા કરીને, હવે તેની જ સેવાથી મારા આત્માને મોક્ષની સિદ્ધિ થશે.

સમ્યગ્દર્શન થતાં સુખના ભંડાર ખુલી જાય છે. સમ્યગ્દર્શન સાથેનું સ્વસંવેદનજ્ઞાન અતીન્દ્રિય હોય છે; તેથી તે જ્ઞાનમાં પરમ સૂક્ષ્મતા આવી જાય છે; ચૈતન્યના ગંભીર ભાવોને તે પકડી લ્યે છે. નયપક્ષના વિકલ્પો પણ તેને અત્યંત સ્થૂળ લાગે છે; તેને વિકલ્પાતીત અતીન્દ્રિય આનંદ હોય છે. તે જ્ઞાનને ઇન્દ્રિયોથી ભિન્ન જાણે છે. અને નિજરસમાં રમતો હોય છે. આત્માની તેને ખરેખરી પ્રીતિ લાગી હોય છે.

‘આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો! ઉત્તમ થશે.’

– કુંદકુંદસ્વામીએ આ ગાથામાં કહ્યા મુજબની તેની દશા થઈ ગઈ હોય છે. સમ્યક્ત્વરૂપે પરિણમેલો તે આત્મા આખા જગત ઉપર તરતો છે. કોઈ પરભાવોથી કે સંયગોથી તેનું જ્ઞાન દબાતું નથી પણ તે છૂટું ને છૂટું જ્ઞાનપણે જ રહે છે. તેથી તે તરતો છે. પર્વત ઉપર વીજળી પડે ને બે કટકા થાય તે ફરી સંધાય નહીં તેમ ભેદજ્ઞાન વડે સ્વાનુભૂતિરૂપી વીજળી પડતાં જ્ઞાન અને રાગની ભિન્નતા થઈને બે કટકા જુદા થયા, તે હવે કદી એક થાય નહીં. ભેદજ્ઞાન પછીના વિકલ્પોથી તેનું જ્ઞાન જુદું જ રહે છે; તેનું જ્ઞાન કદી રાગ સાથે એક થઈને પરિણમે નહીં. જ્ઞાનીનું જ્ઞાન સદાય વિકલ્પોથી જુદું છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ સાતમી નરકના પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ જીવ કરી શકે છે. સંયોગનું લક્ષ છોડીને જ્ઞાનની દશાને અંતરમાં આનંદના દરિયામાં વાળી દીધી ત્યાંસંયોગ સંયોગમાં રહ્યા, ને આત્મા પોતાના આનંદસ્વરૂપમાં આવ્યો.

ચૈતન્યના અનુભવમાં જ્ઞાનની કોઈ અદ્‌ભુત ધીરજ અને ગંભીરતા હોય છે. ચૈતન્યદરિયો અંદરથી પોતે જ પર્યાયમાં ઉલ્લસે છે. ત્યાં કોઈ વિકલ્પો રહેતા નથી. અંતરના ઊંડાણમાથી તેને પોતાના ચૈતન્યતત્ત્વનો અપરંપાર મહિમા હોય છે. અહા આત્મા અનંતા ગંભીર ભાવોથી ભરેલો છે. સમ્યગ્દર્શનરૂપ થયેલા આત્માની અંદરની સ્થિતિ ખૂબ જ ગંભીર હોય છે. હું જ્ઞાયકભાવથી ભરેલો, પરમ આનંદથી પૂરો અને ઇન્દ્રિયોથી પાર એવો મહાન પદાર્થ છું. ચૈતન્યતત્ત્વથી ઊંચી કે સુંદર વસ્તુ બીજી જગતમાં કોઈ નથી. આત્માનું વીતરાગી સામર્થ્ય અચિંત્ય છે; એના ગુણોની વિશા–

ળતા અનંત છે; તે પરમ શાંતરસની ગંભીરતાથી ભરેલો છે. સમ્યગ્દર્શન થયા પછી તે જીવ પોતાને સદાય આવો જ દેખે છે. મતિ – શ્રુતજ્ઞાનને અંતર્મુખ કરીને અંતરમાં આનંદના નાથનો તેને ભેટો થયો છે. જ્ઞાન સીધું ચૈતન્યસ્વભાવને સ્પર્શીને તેમાં એકત્વરૂપ પરિણમ્યું ત્યાં નયપક્ષના બધા વિકલ્પોથી તે છુટું પડી ગયું; અને નિર્વિકલ્પ સ્વાનુભવના આનંદથી તે આત્મા સ્વયમેવ શોભી ઊઠયો. જેમ તીર્થંકર દેવનું શરીર આભૂષણ વગર જ સ્વયમેવ શોભે છે તેમ ચૈતન્યતત્ત્વ પોતે સ્વભાવથી જ, વિકલ્પ વગર જ જ્ઞાન–આનંદવડે સ્વયમેવ શોભે છે; એની શોભા માટે કોઇ વિકલ્પનાં આભૂષણની જરૂર નથી. વિકલ્પના લક્ષણ વડે ભગવાન આત્મા લક્ષિત થતો નથી, વિકલ્પથી ભિન્ન થયેલું જે જ્ઞાન તે જ્ઞાનના આભૂષણ વડે આત્મા શોભે છે, તે જ્ઞાનલક્ષણવડે આત્મા લક્ષિત થાય છે. આવી આત્મવિદ્યા તે સાચી વિદ્યા છે, તે મોક્ષ દેનારી છે.

અહા, સમ્યગદર્શન, થતાં આત્મા ભગવાન થઈ ગયો, અનંતા ગુણો તેનામાં ખીલી ઊઠયા. સમ્યગ્દર્શન થતાં આત્મા સ્વસંવેદનજ્ઞાનમાં પ્રત્યક્ષ વેદાય છે.... વિકલ્પનું તરણું ખસી જતાં આનંદનો મોટો પહાડ દેખાય છે, અને તેને એવું વેદન થાય છે કે વાહ રે વાહ! મેં મારા ચૈતન્યભગવાનને, મારા આનંદના દરિયાને દેખી લીધો. વિકલ્પ વગર આત્મા સ્વયં આસ્વાદમાં આવે છે; આત્માના આનંદનો સ્વાદ લેવા માટે વચ્ચે વિકલ્પની જરૂર પડે તેવો આત્મા નથી. તેથી આવા આત્માની દ્રષ્ટિ વાળો ધર્મી જીવ તે વિકલ્પને કરતો નથી, તે વિકલ્પથી છૂટો ને છૂટો જ્ઞાનભાવરૂપે રહે છે; એટલે તે જ્ઞાતા છે પણ વિકલ્પનો કર્તા નથી. – આમ જ્ઞાન અને વિકલ્પ વચ્ચે કર્તા–કર્મપણું છૂટી ગયું છે. હવે જ્ઞાન પોતાના સ્વરસમાં જ મગ્ન રહેતું થકું, વિકલ્પોના માર્ગોથી દૂરથી જ પાછું વળી ગયું છે. વિકલ્પના કાળે જ્ઞાન તો જ્ઞાનરસ પણે જ રહે છે, તે વિકલ્પરૂપ જરાપણ થતું નથી. જ્ઞાનને જ્ઞાનરસમાં આવવું એ તો સહજ છે, વિકલ્પનો બોજો એમાં નથી. આવા જ્ઞાનરસમાં આનંદ છે, શાંતિ છે. જેમ પાણીને ઢાળ મળતાં તે સહજપણે ઝડપથી તેમાં વળી જાય છે, તેમ આત્માની ચૈતન્ય – પરિણતિને ભેદજ્ઞાનરૂપી અંતરમાં જવાનો ઢાળ મળ્યો ત્યાં વિકલ્પના વનમાં ભટકવાનું મટી ગયું ને સહજપણે અંતરમાં વળીને તે પોતાના આનંદસમુદ્રમાં મગ્ન થયું. ત્યાં તે આત્માની ચેતનામાંથી રણકાર ઊઠે છે કે –

થઈ રસિક હું મારા ચૈતન્ય નાથની રે,
રાગનો રસ હવે હું નહીં કરું રે....

## લગની લાગી મારા ચૈતન્યદેવની સાથ,
## હવે રાગનાં મીંઢળ નહીં બાંધુ રે.....

અંતરના ચૈતન્યમાં વળેલું જ્ઞાન તો મહા ગંભીર છે. સમ્યગ્દર્શન થયા પછી જીવ પોતાના આનંદરસના એક અંશનેય વિકલ્પમાં જવા દેતો નથી. ચૈતન્યરસ તો પરમ શાંત, તેને રાગના આકુળરસ સાથે મેળ ખાય નહીં. હિમના ઢગલા જેવા ચૈતન્યરસમાં વિકલ્પોની ભઠ્ઠી હોય નહીં. – પોતામાં ચૈતન્યની આવી શાંતિનો સ્વાદ ચાખ્યો, પછી દુનિયા શું બોલશે? નિંદા કરશે કે પ્રશંસા કરશે? તે જોવા જ્ઞાની રોકાતા નથી. તેને દુનિયા પાસેથી પ્રમાણપત્ર લેવું નથી; તેને પોતાના અનુભવજ્ઞાનવડે પોતાના આત્માનું પ્રમાણપત્ર મળી ગયું છે; પોતાના આત્મામાંથી શાંતિનું વેદન આવી ગયું છે, હવે બીજાને પૂછવાપણું રહ્યું નથી. તે નિઃશંક છે કે અંતરમાં ચૈતન્યના આનંદને દેખ્યો – અનુભવ્યો તે જ હું છું, મારી ચૈતન્યજાત રાગ સાથે મેળવાળી નથી. ચૈતન્ય સાથે તો અતીન્દ્રિય આનંદને વીતરાગતા શોભે, ચૈતન્યની સાથે રાગ ન શોભે. આવા આત્માની અનુભૂતિ સમ્યગ્દ્રષ્ટિને હોય છે. અનુભૂતિના વિશેષ સ્વાદ વડે આત્માનું અદ્ભુત સ્વરૂપ તેણે સાક્ષાત્ કરી લીધું છે. અહા, આત્માની અનુભૂતિમાં સમકિતી જે અતીન્દ્રિય આનંદને અનુભવે છે તેના જેવો સ્વાદ જગતના કોઈ પદાર્થમાં કે રાગમાં કયાંય નથી આવી અંતર્અનુભૂતિ વડે ધર્મી જીવ આત્માની સિદ્ધિને સાધે છે.

જુઓ, ભગવાન આત્માને સાધવાની આ અલૌકિક રીત! મહાવિદેહમાં સીમંધર તીર્થંકર બિરાજી રહ્યા છે, ત્યાં જઈને દિવ્યધ્વનિમાંથી આ ઊંચો માલ લાવીને ભગવાનના આડતિયા તરીકે કુંદકુંદસ્વામી ભવ્ય જીવોને આપે છે. માટે હે જીવો! તમે ભગવાનના આ સન્દેશને આનંદથી સ્વીકારીને જીવનમાં ઊતારો. અહો! ચૈતન્યતત્ત્વ તો આવું સરસ... રાગ વગર શોભી રહ્યું છે, તેને દેખીને સર્વપ્રકારે પ્રસન્ન થાઓ. અંદર ચૈતન્યપાતાળમાં શાંતરસનો આખો સમુદ્ર ભર્યો છે; તે એટલો મહાન છે કે તેને દેખતાં જ સર્વે વિકલ્પો તૂટી જાય છે, ને જ્ઞાનના અતીન્દ્રિય કિરણોથી ઝગમગતું આનંદપ્રભાત ખીલે છે.

અહા, જેને આવો મહાન આત્મા સાધવો છે તેને જગતની પ્રતિકૂળતા કેવી? આત્માર્થી જીવ સંયોગના આધારે હતાશ થઈને બેસી નથી રહેતો. તે જાણે છે કે, બહારમાં અનંતી પ્રતિકૂળતાના ગંજ હોય તોપણ, મારું આનંદનું ધામ મહાન ચૈતન્યતત્ત્વ છે, તે તો મને અનુકૂળ જ છે, તેમાં જરાય પ્રતિકૂળતા નથી. પોતાના આનંદધામમાં અંદર ઊતરીને તે ધર્મી મોક્ષના પરમ સુખને અનુભવેછે. ચૈતન્યને

જાણીને સ્વઘરમાં આવ્યો ત્યાં તેના અનંતકાળના પરિભ્રમણના થાક ઊતરી ગયા.

સમ્યગ્દર્શન થયા પછી આત્મસન્મુખ જીવની રહેણી – કરણી બહારમાં કદાચ પહેલાં જેવી લાગે પણ અંદરમાં તો આકાશ – પાતાળ જેવો મોટો ફેર પડી ગયો છે. હવે તેને સંસારમાં કે રાગમાં રસ નથી; તેને પોતાના આત્મામાં જ રસ છે. તીવ્ર પાપપરિણામો હવે તેને આવતાં નથી; તેના આહારાદિ પણ યોગ્ય મર્યાદાવાળા હોય છે. વિષયાતીત ચૈતન્યની શાંતિ પાસે હવે તેને વિષય – કષાયોનું જોર તૂટી ગયું છે. ચૈતન્યપ્રાપ્તિના મહાન ઉલ્લાસથી તેનું જીવન ભરેલું હોય છે. વીતરાગવાણીરૂપી સમુદ્રના મંથનથી જેણે શુદ્ધ ચિદ્રૂપ – રત્ન પ્રાપ્ત કર્યું છે એવો તે સમ્યગ્દ્રષ્ટિ જીવ ચૈતન્યપ્રાપ્તિના પરમ ઉલ્લાસથી કહે છે કે અહો, મને સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન મળ્યું. સર્વજ્ઞભગવાનની વાણીરૂપી શ્રુતસમુદ્રનું મથન કરીને, કોઈપણ પ્રકારે વિધિથી મેં, પૂર્વે કદી નહીં પ્રાપ્ત કરેલું અને પરમ પ્રિય એવું શુદ્ધ ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું છે. ચૈતન્યરત્નની પ્રાપ્તિથી મારી મતિ સ્વચ્છ થઈ ગઈ છે, તેથી મારા ચૈતન્ય સિવાય અન્ય કોઈ દ્રવ્ય મને મારું ભાસતું નથી. આ ચૈતન્યરત્નને જાણી લીધા પછી હવે જગતમાં મારા ચૈતન્યરત્નથી ઊંચો બીજો કોઈ એવો પદાર્થ નથી – કે જે મારે માટે રમ્ય હોય. જગતમાં ચૈતન્યથી શ્રેષ્ઠ બીજું કોઈ વાચ્ય નથી, બીજું કોઈ ધ્યેય નથી, બીજું કાંઈ શ્રવણ યોગ્ય નથી, બીજું કાંઈ પ્રાપ્ત કરવા યોગ્ય નથી, બીજું કોઈ આદેય નથી. આવું સૌથી શ્રેષ્ઠ ચૈતન્યતત્ત્વ મેં પ્રાપ્ત કરી લીધું છે. વાહ, કેવું અદ્‌ભુત છે – મારું ચૈતન્યરત્ન!

અહો, મારું ચૈતન્યતત્ત્વ આવું સુંદર, પરમ આનંદથી ભરેલું, તેમાં રાગની આકુળતા કેમ શોભે? સુંદર ચૈતન્યભાવને મલિન રાગ સાથે એકતા કેમ હોય? જેમ સજ્જનતા મોઢા ઉપર માંસના લપેટા શોભે નહિ તેમ સત્‌ એવા ચૈતન્ય ઉપર રાગના લપેટા શોભે નહિ; ચૈતન્યભાવમાં રાગનું કર્તૃત્વ હોય નહીં. – ધર્મી આવી ભિન્નતા જાણે છે તેથી પોતાના ચૈતન્યભાવમાં રાગના કોઇ અંશને તે ભેળવતો નથી. સુખ ચૈતન્યસ્વભાવમાં છે તેને જાણે – અનુભવે તો જ ચૈતન્યસુખનો સ્વાદ આવે ને ત્યારે જ રાગાદિનું કર્તૃત્વ છૂટે – સમ્યગ્દ્રષ્ટિની દશા આવી હોય છે. જે રાગનો કર્તા થશે તે રાગ વગરના ચૈતન્યનો સ્વાદ લઈ શકશે નહિ; અને રાગ વગરના ચૈતન્યનો સ્વાદ જેણે ચાખ્યો તે કદી રાગનો કર્તા થશે નહીં. એક સૂક્ષ્મ વિકલ્પના સ્વાદને પણ તે જ્ઞાનથી ભિન્ન જ જાણે છે; તેથી કહ્યું છે કે –

કરે કરમ સોહી કરતારા, જો જાને સો જાનનહારા;
જાને સો કરતા નહીં કોઈ, કર્તા સો જાને નહીં કોઈ.

– આવા સમકિતી – સંત જગતમાં સુખીયા છે. તેમને નમસ્કાર હો.

# બાલવિભાગ

ગતાંકમાં પૂછેલા પ્રશ્નોના જવાબ ઘણા સભ્યોએ હોંશથી લખી મોકલ્યા છે, તે માટે ધન્યવાદ. જવાબ નીચે મુજબ છે :–

| | | |
|---|---|---|
| ૧ | શત્રુંજય સિદ્ધક્ષેત્ર | પાંડવમુનિ |
| ૨ | સમયસારનો ભાઈ | નિયમસાર |
| ૩ | મહાવીરપ્રભુનો મોક્ષ | દિવાળી |
| ૪ | આત્માનો સ્વભાવ | જ્ઞાન |
| ૫ | સિંહભવમાં આત્માની ઓળખાણ | મહાવીર ભગવાન |
| ૬ | મોક્ષનું મૂળ | સમ્યગ્દર્શન |
| ૭ | ધર્મરાજાનો દરબાર | સમવસરણ |
| ૮ | શરીરવગરની સુંદર વસ્તુ | સિદ્ધભગવાન |
| ૯ | ગૌતમસ્વામીનું નામ | ઇન્દ્રભૂતિ |
| ૧૦ | મોક્ષમાં જવાનું વિમાન | રત્નત્રય |

૧. શત્રુંજય સિદ્ધક્ષેત્ર ઉપરથી ત્રણ પાંડવભગવંતો મોક્ષ પામ્યા છે.

૨. સમયસારનો ભાઈ એટલે નિયમસાર. બંનેની રચના કુન્દકુન્દ પ્રભુએ કરી છે.

૩. મહાવીરપ્રભુ આસો વદ અમાસે મોક્ષ પામ્યા તેથી તે દિવસે દીવાળી ઉજવાય છે.

૪. આત્માનો સ્વભાવ જ્ઞાન છે જ્ઞાન સાથે બીજા અનંતા સ્વભાવો છે.

૫. મહાવીર ભગવાને પૂર્વે સિંહના ભવમાં મુનિના ઉપદેશથી આત્માને ઓળખ્યો.

૬. મોક્ષનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થતાં મોક્ષ ફળ જરૂર આવે છે.

૭. ધર્મરાજા એટલે તીર્થંકર, તેમનો ધર્મદરબાર એટલે સમવસરણ.

૮. શરીર વગરની સુંદર વસ્તુ એ તો સિદ્ધભગવાન; તેઓ શરીર વગર મહા સુખી છે.

૯. ગૌતમસ્વામીનું નામ ઇન્દ્રભૂતિ, તેઓ ત્રણ ભાઈ; ત્રણે ગણધર થઈને મોક્ષ પામ્યા.

૧૦. મોક્ષમાં જવાનું વિમાન એ તો રત્નત્રય છે. – તેમાં બેઠા કે સીધા મોક્ષમાં.

## બીજા પ્રશ્નમાં બે વસ્તુ શોધવાની હતી (૧) પરમાણુ (૨) પરમાત્મા

પરમાણુ અને પરમાત્મા – એ બંને અત્યંત સૂક્ષ્મ છે, ઇન્દ્રિયથી જણાતા નથી. પરમાણુઓ જગતમાં અનંત છે ને સિદ્ધપરમાત્મા પણ અનંત છે. બંનેમાં પહેલાં ત્રણ અક્ષર સરખા છે, છતાં એક જડ છે, બીજા ચેતન છે. પરમાણુમાંથી શરીર બને છે; પરમાત્મા તે તો ભગવાન છે. આ રીતે પરમાણુ અને પરમાત્મા બંનેને તમે ઓળખી લીધા હશે.




નવા સભ્યોના નામઃ (અંક ૩૪૯ થી ચાલુ)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦૬૫ | કેતનકુમાર જયંતિલાલ | જૈન | અંકલેશ્વર | ૩૦૭૩ | મહાવીરકુમાર રસિકલાલ | જૈન | બીલીમોરા |
| ૩૦૬૬ | કૃપલબેન જયંતિલાલ | જૈન | અંકલેશ્વર | ૩૦૭૪ | આરતીકુમારી રસિકલાલ | જૈન | બીલીમોરા |
| ૩૦૬૭ | હિતેષકુમાર એ. શાહ | જૈન | ભાવનગર | ૩૦૭૫ | ભાવનાબેન જયંતિલાલ | જૈન | સુરત |
| ૩૦૬૮ | પરેશકુમાર એસ. શાહ | જૈન | રાજકોટ | ૩૦૭૬ | અમિષકુમાર જયંતિલાલ | જૈન | સુરત |
| ૩૦૬૯ | રાજેશકુમાર એસ. શાહ | જૈન | રાજકોટ | ૩૦૭૭ | વર્ષાબેન કાન્તિલાલ | જૈન | મુનાઈ |
| ૩૦૭૦ | અંજલિબેન એસ. શાહ | જૈન | રાજકોટ | ૩૦૭૮ | દક્ષાબેન જયંતિલાલ | જૈન | થાનગઢ |
| ૩૦૭૧ | ગીતાબેન એસ. શાહ | જૈન | રાજકોટ | ૩૦૭૯ | શીલાબેન કનૈયાલાલ | જૈન | કલકત્તા |
| ૩૦૭૨ | જવાહરભાઈ લાલચંદ | જૈન | ધ્રાફા | ૩૦૮૦ | બાબુલાલ બી. | જૈન | કલકત્તા |

[ બાલસભ્યોનાં બાકીનાં નામો હવે પછી આપીશું ]

(બંધુઓ, બાલવિભાગમાં ને આત્મધર્મમાં આપ સૌ ઉત્સાહથી ભાગ લઇ રહ્યા હતા. પણ હમણાં સંપાદકની તબીયત બે માસથી બરાબર રહેતી ન હોવાથી, પૂરા આરામની જરૂર છે, તેથી બે માસ સુધી બાલવિભાગ આપી નહીં શકાય. તેમજ આત્મધર્મ પણ કદાચ થોડુંક અનિયમિત થવાનો સંભવ છે. તો આ સૂચના લક્ષમાં લેવા સૌને વિનંતિ છે. બનશે ત્યાં સુધી તો યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.)

# સમયસાર એટલે અનુભૂતિરૂપ થયેલો આત્મા

સમસારની ૧૪૪ મી ગાથાનાં પ્રવચનનો એક ભાગ આપે શરૂઆતના લેખોમાં વાંચ્યો. આ બીજો ભાગ પણ આપને અનુભૂતિના ઊંડાણમાં લઈ જશે.

સમ્યગ્દર્શન માટે જ્ઞાનની પર્યાય દ્વારા આત્માના સ્વભાવનો નિર્ણય કરવાની આ વાત છે. ભગવાનના આગમ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરાવવા માંગે છે. જ્ઞાનને ભૂલીને, રાગના ને શરીરના પ્રેમથી જીવે ભવચક્રમાં ભવ ધારણ કરી કરીને અનંતા શરીર બદલાવ્યા છે. શરીરથી, રાગથી ને જગતથી જુદો જ્ઞાનસ્વભાવ છે તે – હું છું – એમ એકવાર નિશ્ચય કરે તો આખી દિશા બદલી જાય. જ્ઞાનસ્વભાવ હું છું – એમ કોઈ બીજાના કારણે કે રાગના કારણે જાણતો નથી, પણ પોતાના જ્ઞાનવડે જ પોતે પોતાના જ્ઞાનસ્વભાવને જાણે છે. વીતરાગી શાસ્ત્રો પણ એમ કહે છે કે તારો જ્ઞાનસ્વભાવ શાસ્ત્રના અવલંબન વગરનો છે. તે પ્રમાણે નક્કી કર્યા પછી જ્ઞાનને અંતરમાં વાળતાં આત્મા સાચા વેદનમાં આવે છે, ને ત્યારે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપણે ભગવાન આત્મા પ્રગટ પ્રસિદ્ધ થાય છે. મતિ –શ્રુતજ્ઞાનમાં આત્માનું અતીન્દ્રિયસ્વસંવેદન કરવાની તાકાત છે. સ્વસંવેદન તરફ જ્ઞાન ઝૂકયું ત્યાં તે નિર્વિકલ્પ – અતીન્દ્રિય થઈ જાય છે; ને અનંત ગુણના આનંદને તે વેદે છે... અહો ! આવો આત્મા હું – એમ સાક્ષાત્ વેદનપૂર્વક સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શન થવા કાળે અનુભૂતિમાં એકલા આત્માની પ્રસિદ્ધિ છે. પરપદાર્થની પ્રસિદ્ધિ ત્યાં નથી; પરપદાર્થની પ્રસિદ્ધિમાં મન – ઈન્દ્રિયનું અવલંબન છે, તેને છોડીને મતિ – શ્રુતજ્ઞાને પોતાના જ્ઞાનસ્વભાવનું અવલંબન લીધું ત્યાં અતીન્દ્રિયજ્ઞાનમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે – પ્રગટ અનુભવમાં આવે છે.

ઈન્દ્રિય તરફ ઝુકેલું જ્ઞાન ભગવાન આત્માને પ્રસિદ્ધ કરી શકતું નથી. તેમજ મનના વિકલ્પો તરફ ઝુકેલું (– તેનાથી લાભ માનનારું) જ્ઞાન પણ વિકલ્પાતીત જ્ઞાનસ્વભાવને અનુભવી શકતું નથી. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માને પ્રસિદ્ધ કરવા માટે, એટલે કે સાક્ષાત્ અનુભવમાં લેવા માટે તેના તરફ જ્ઞાનપર્યાય વાળવી જોઈએ, તેની સન્મુખ થાય ત્યારે જ તેને જાણી શકે છે. જ્ઞાન અંતર્મુખ થઈને આત્માને અનુભવે ત્યાં તે અનુભૂતિમાં કોઈ નયના વિકલ્પો રહેતાં નથી, ત્યાં નયપક્ષનું આલં

નથી, ત્યાં એક જ્ઞાનસ્વભાવનું જ આલંબન છે, પર્યાય અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થઈ છે. ત્યાં વીતરાગી આનંદનું જ વેદન છે, ત્યાં કોઈ આકુળતા નથી. અહા, આવી અનુભૂતિની શી વાત! આવી અનુભૂતિ થાય ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય.

આત્માનો સુખસ્વભાવ અનાકુળ છે, ને વિકલ્પો તો આકુળતા ઉપજાવનારા હોવાથી દુઃખરૂપ છે. જ્ઞાનમાં દુઃખ કે આકુળતા ન હોય; વિકલ્પોમાં સુખ ન હોય. બંનેની જાત જ જુદી છે. વિકલ્પ – પછી ભલે તે આત્માના સંબંધમાં હોય – પણ તેમાં આકુળતા છે; વિકલ્પથી ભિન્ન જ્ઞાન છે, તે જ્ઞાન અંતર્મુખ થતાં વિકલ્પરહિત નીરાકુળ અતીન્દ્રિય શાંતિનું વેદન થાય છે. તે વેદનને ધર્મી જ જાણે છે. અનુભૂતિમાં ધર્મીને તો કેવળજ્ઞાનના ખજાના ખૂલ્યા છે. અહા, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા તો નિર્વિકલ્પ આનંદની પેટી છે, આનંદનો પટારો છે, જેમ પટારામાં વૈભવ ભર્યો હોય તે દેખીને લોકો ખુશી થાય છે તેમ ચૈતન્યના પટારામાં અતીન્દ્રિય આનંદ વગેરે અનંત ગુણનો ખજાનો ભર્યો છે. તેને અંતર્મુખ જ્ઞાનવડે દેખીને ધર્મીજીવ પ્રસન્ન થાય છે – આનંદિત થાય છે. આત્મસન્મુખ થયેલા પરિણામ તે સમ્યગ્દર્શનનું કારણ છે, આત્મસન્મુખ થયેલા પરિણામ તે પોતે શાંતિ છે, તે પોતે સમ્યગ્દર્શન છે, તે પોતે સમ્યગ્જ્ઞાન વગેરે છે. સાધક ભૂમિકામાં હજી રાગાદિભાવ છે તે અંતરના સ્વસન્મુખ પરિણામથી જુદા છે; ધર્મીની અનુભૂતિથી તે જુદા છે. સમ્યગ્દર્શનની જે અનુભૂતિ છે તેમાં કોઈ રાગ કે વિકલ્પ નથી. શ્રુતજ્ઞાન સાથે વિકલ્પ હોય તે કાંઈ જ્ઞાનનું સ્વરૂપ નથી, એટલે જ્ઞાન જ્યાં અંતરમાં ઢળ્યું ત્યાં વિકલ્પો બધા જુદા પડી ગયા – બહાર રહી ગયા. એકવાર જ્ઞાન વિકલ્પથી છુટું પડયું તે ફરીને વિકલ્પ સાથે કદી એકપણે પરિણમતું નથી. જ્ઞાનરૂપ નિજરસવડે જ આત્મા પ્રસિદ્ધ થાય છે જણાય છે. ઇન્દ્રિયના સહારાથી કે વિકલ્પના અવલંબનથી આત્માને જાણી શકાય નહીં. આત્માની અનુભૂતિ પક્ષાતિક્રાંત છે, વિકલ્પાતીત છે, તે અંતરના અતીન્દ્રિય જ્ઞાન વડે જ સ્વસંવેદનમાં આવે તેવો છે. આવી અનુભૂતિ કરનાર આત્મા વિશ્વ ઉપર તરતો હોય એમ પોતાને બધાથી ભિન્ન અનુભવે છે. પોતાના અનુભવમાં જે તત્ત્વ આવ્યું તેવું જ તત્ત્વ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે – એમ તે નિઃશંક જાણે છે. અનુભૂતિ થતાં નિર્મળપર્યાય દ્રવ્યમાં પ્રસરી ગઈ એમ કહેવાય છે. રાગથી જ્ઞાન ભિન્ન રહે છે એટલે તે તરતું છે. જ્ઞાન રાગમાં તન્મય થઈને ડુબી જતું નથી પણ રાગથી છૂટું ને છૂટું, તરતું ને તરતું જ રહે છે. રાગથી ભિન્ન આત્માની અનુભૂતિ વખતે જ આત્મા સાચા સ્વરૂપે દેખાય છે – શ્રદ્ધાય છે અને જણાય છે. – આ રીતે અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા જ પોતે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; તેમજ અનંતગુણનો સ્વાદ એમાં સમાય છે.

શ્રુતજ્ઞાનમાં આકુળતા નથી. પણ વિકલ્પમાં આકુળતા હતી. જ્યાં શ્રુતજ્ઞાન વિકલ્પથી પાર થઇને અંતરમાં વળ્યું ત્યાં નિર્વિકલ્પ આનંદનું વેદન થયું. અનુભવની આ રીત છે, સૌથી પહેલાં હિતનો માર્ગ આ છે. આવા અનુભવ વગર બીજા કોઇના અવલંબને આત્માનું હિત થતું નથી. તારું કાર્ય સ્વાધીનપણે તારાથી થાય છે. સંતોએ તેની રીત બતાવી છે પણ તે કરવું તારા હાથમાં છે જેણે અંતર્મુખ થઈને આત્માનો અનુભવ કર્યો તે જીવ હિતના પંથે ચડયો, તે જીવ કેવળજ્ઞાન અને સિદ્ધપદને પાત્ર થયો... અને તે જ 'સમયસાર' છે

## 'અમે ભક્ત છીએ'

જેને નિર્વાણની ભક્તિ છે. એટલે કે શુદ્ધરત્નત્રયની આરાધના છે તે જીવ ભક્ત છે... તે કહે છે કે અહો! અમારા પૂર્વજો એવા ઋષભાદિ તીર્થંકર ભગવંતો પણ આવી જ શુદ્ધાત્મસન્મુખ યોગ ભક્તિ વડે નિર્વાણને પામ્યા છે, અને હું પણ તે જ માર્ગે જાઉં છું. જેઓ સંસારના ઘોર દુઃખોથી ભયભીત હોય તેઓ જ ઉત્તમ ભક્તિ કરો. ધર્મી કહે છે કે અહો! નિર્મળ સુખકારી એવા ધર્મીને અમે ગુરુના સાન્નિધ્યમાં પ્રાપ્ત કર્યો છે. રાગ–દ્વેષની પરંપરાથી જાુદા એવા શુદ્ધ આનંદમય તત્ત્વમાં અમારી પરિણતિ હવે ઢળી છે. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં અમારું ચિત્ત હવે એવું લોલૂપ થયું છે કે ઇન્દ્રિય– વિષયોથી તે છૂટી ગયું છે. અમારી પરિણતિમાં તો સુંદર આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટયું છે; આત્માની આ અતિઅપૂર્વ ભાવનાથી સુખ પ્રગટે છે તે પરમ ભક્તિ છે, ને તે જ નિર્વાણનો માર્ગ છે.

અહો, રાગ–દ્વેષથી પાર અમારું પમાત્મતત્ત્વ તેને એકને અમે ફરી ફરીને ભાવીએ છીએ. અહો, મુક્તિસુખ દેનારું આ અમારું પરમ તત્ત્વ, તેની જ ભાવના છે, કેમકે અમે તો મુક્તિની સ્પૃહાવાળા છીએ; ભવના સુખથી અમે નિસ્પૃહ છીએ; જેનાથી ભવના સુખ મળે એવા પુણ્ય અને રાગની પણ સ્પૃહા અમને નથી; તેથી નિસ્પૃહ એવા અમને આ લોકના પેલા અન્ય પદાર્થો સાથે શું પ્રયોજન છે? અહો! પોતામાં સ્વતત્ત્વનું ચૈતન્ય સુખ ચાખ્યું ત્યાં હવે બીજાની સ્પૃહા કેમ રહે? પરમાત્મતત્ત્વની આવી આરાધના જેને પ્રગટી છે તે સ્વવશ જીવને મોક્ષના કારણરૂપ ભક્તિ નિરંતર વર્તે છે.

(માગશર સુદ બીજઃ નિયમસારના પ્રવચનમાંથી)

# ચૈતન્યરસથી ભરેલી અનુભૂતિનો ગંભીર મહિમા

[ માગશર વદ ૬–૭ સમયસાર કળશ ૯૩–૯૪ ઉપરનાં પ્રવચનમાંથી. ]

ચૈતન્યનો અનુભવ નયના પક્ષથી રહિત છે. હું શુદ્ધ છું, હું જ્ઞાન છું એવો જે શુદ્ધનયનો વિકલ્પ, તેનો પક્ષ અર્થાત્ તેમાં એકતાબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે. જ્ઞાન કર્તા ને વિકલ્પ મારું કર્મ – એવી અજ્ઞાનીની બુદ્ધિ છે. 'હુ શુદ્ધ છું' એવો અનુભવ કરવાને બદલે 'હું શુદ્ધ છું ' એવા વિકલ્પને જ પોતાનું કાર્ય માનીને અજ્ઞાની તેના વેદનમાં અટકયો. વિકલ્પમાં અટકયો તે ભટકયો. જ્ઞાની તો વિકલ્પથી છૂટો પડીને, જ્ઞાનને અંતર્મુખ કરીને, શુદ્ધનયરૂપ પરિણતિ કરે છે, તે પરિણમનમાં તેને કોઇનયપક્ષ નથી, વિકલ્પ નથી, તે નિર્વિકલ્પ પક્ષાતિક્રાંત છે. ભગવાન આત્મા વિકલ્પવાળો નથી, વિકલ્પથી ચલાયમાન થાય તેવો નથી, કે વિકલ્પથી વેદનમાં આવે તેવો નથી. આવો નિર્વિકલ્પઅચલ વિજ્ઞાનઘન આત્મા ધર્મીજીવને પોતાના અનુભવમાં આવે છે; આવો આત્મા તે સમયસાર છે, તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ આનંદ છે, જે કાંઇ છે તે જ સમ્યગ્દર્શન છે, તે જસમ્યગ્જ્ઞાન છે, તે જ આનંદ છે, જે કાંઈ છે તે આ એક જ છે. ધર્મીના આવા અનુભવમાં એકલા વિજ્ઞાનમય આનંદરસ જ ભર્યો છે; તેમાં વિકલ્પનો રસ નથી.

ચૈતન્યતત્ત્વ એવડું મોટું મહાન છે કે તેને વિકલ્પવાળો કહેવો તે કલંક છે. અંતર્મુખ નિર્વિકલ્પ પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો, તે જ સમ્યગ્દર્શન છે. અજ્ઞાનદશામાં વિકલ્પને પામતો, વિકલ્પનો રસ લેતો; હવે જ્ઞાનદશામાં ચૈતન્યની અનુભૂતિ થઈ તે આત્માનો શણગાર છે, તેનાથી આત્મા શોભે છે. વિકલ્પના શણગાર આત્માને શોભતા નથી, તે તો કલંક છે. આત્મા તો કેવળજ્ઞાનની વેલડીનો કંદ છે, તેનામાં તો અનુભૂતિના આનંદના પાક પાકે છે. સમ્યગ્દર્શન થતાં અનંતગુણનાં પાક પાકયા છે ધર્મીજીવ વિકલ્પને છોડીને અંતરમાં ચૈતન્યભાવને આસ્વાદતો થકો નિર્વિકલ્પ ભાવને આક્રમે છે એટલે ઝડપથી તેને પહોંચી વળે છે. અહો! નિભૃત – નિશ્ચળ પુરુષો આ આત્માને સ્વયં આસ્વાદે છે. જેને વિકલ્પોની ચિંતાને દૂર કરી છે ને આત્મામાં જ્ઞાનને નિશ્ચલ કર્યું છે એવા નિભૃત પુરુષોને આ ભગવાન આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષમાં પોતે

સ્વયં આસ્વાદમાં આવે છે. – આવી અનુભૂતિવડે, આત્મા શોભે છે. વિકલ્પમાં આત્માનો સ્વાદ આવતો નથી. ભાઈ, તારા ચૈતન્યઘરમાં આનંદરસ ભર્યો છે તેને સ્વયં આસ્વાદમાં લે; વિકલ્પમાંથી આનંદ લેવા જઈશ તો નહીં મળે. આવા આત્માને સમ્યગ્દર્શનમાં અનુભવવો તે જ કર્તવ્ય છે. ધર્મીનું કર્તવ્યું હોય તો આ જ છે. વિજ્ઞાનઘન આત્માના રસથી ભરપૂર પરમાત્મા અનુભવમાં આવ્યો તેને જ સમ્યગ્દર્શન વગેરે નામ કહેવાય છે. ભાવમાં સમ્યક્ વેદન થયું ત્યારે સમ્યગ્દર્શન વગેરે સાચું નામ પડયું. વિકલ્પની પામરતામાં ભગવાન પરમાત્મા ન બેસે; તે તો અંતરની અનુભૂતિમાં પ્રગટ બિરાજે છે, વિજ્ઞાનરસથી તે ભરેલો છે, વિજ્ઞાનરસમાં જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણનો રસ સમાય છે. વધારે શું કહીએ ? શબ્દોથી પૂરું પડે તેમ નથી; જે કાંઈ છે તે બધું આ અનુભૂતિમાં સમાય છે, ચૈતન્યના અનંતગુણનો વૈભવ નિર્વિકલ્પ અનુભૂતિમાં સમાય છે. જુનો પુરાણપુરુષ અનુભૂતિમાં પ્રસિદ્ધ થયો છે. પવિત્ર સ્વભાવી પુરાણપુરુષ ભગવાન આત્મા અનાદિઅનંત એવો ને એવો છે પણ પર્યાયમાં અનુભૂતિ થતાં તે નિર્મળ પર્યાય રૂપે પ્રસિદ્ધ થયો; ત્યારે તેને સમ્યગ્દર્શન – જ્ઞાન – અનુભૂતિ – શાંતિ – પરમઆનંદ વગેરે નામથી ઓળખવામાં આવે છે. અનુભૂતિસ્વરૂપ થયેલા તે એક આત્માને જ આ બધાં નામથી કહેવામાં આવે છે. આવો આત્મા તે જ 'સમયસાર' છે. અનુભવમાં ધર્મીને તે સમ્યક્પણે દેખાય છે. જણાય છે શ્રદ્ધાય છે, તેથી તે એક જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, તેનાથી ભિન્ન બીજું કોઇ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. જે કાંઈ છે તે આ એક જ છે. સ્ત્રી હોય, પુરુષ હોય કે નરકમાં રહેલો નારકી હોય, – જેણે અંતરમાં આવો આત્મા અનુભવ્યો તે પુરાણપુરુષ છે, તે ભગવાન સમયસાર છે, તે જ આત્મા પોતે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. અતીન્દ્રિય આનંદના સ્વાદને લેતો અનુભૂતિ સ્વરૂપ થયેલો આત્મા, તેનાથી જુદાં કોઇ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. તે આત્મા પોતે પોતાના સમ્યક્સ્વરૂપે પ્રસિદ્ધ થયો છે, તે પોતે જ સમ્યગ્દર્શનરૂપ થઈને પરિણમ્યો છે. અહો, સમ્યગ્દર્શનના ગંભીર અનુભવની અલૌકિક વાત આચાર્ય ભગવાને આ સમયસારમાં ખુલ્લી કરી છે; તેમાંય આ ૧૪૪ મી ગાથામાં તો સમ્યગ્દર્શન થવાની રીતનું અલૌકિક વર્ણન કર્યું છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે તેના ઉપર સાત કળશ ચડાવ્યા છે.

જેમ પાણી પાણીના પ્રવાહમાં ભળી જાય, તેમ ચૈતન્યપરિણતિ પહેલાં વિકલ્પમાં ભમતી હતી. તે હવે ચૈતન્યસ્વભાવમાં ભળીને મગ્ન થઈ ને ચૈતન્ય પોતે પોતાના વિજ્ઞાનરસમાં ભળી ગયો; હવે ધર્મી એક વિજ્ઞાનરસપણે જ પોતાને અનુભવે છે. અહો

આ મર્યાદિત અસંખ્યપ્રદેશી ચૈતન્યતત્ત્વમાં અનંત–અનંત ગંભીરતા ભરી છે, અનંત શક્તિનો પિંડ વિજ્ઞાનઘન ઢગલો, જેના અનંત મહિમાની ગંભીરતા વિકલ્પમાં આવી શકે નહિ, તેને ધર્મી જીવ અનુભવે છે. અહો, ચૈતન્યના રસિકજનો તો પોતાના આત્માને નિર્વિકલ્પ ચૈતન્યરસપણે જ અનુભવે છે. પાણીનો પ્રવાહ દરિયામાં ભળી જાય તેમ ચૈતન્યપરિણતિનો પ્રવાહ ઝડપથી અંતરમાં વળીને ચિદાનંદ સમુદ્રમાં મગ્ન થયો, ત્યાં આત્મા પોતાના શાંત – આનંદરસમાં લીન થયો.

ચૈતન્યનો માર્ગ ઊંડો છે – ગંભીર છે. વિકલ્પોમાં તો કાંઈ ગંભીરતા નથી, તે તો બહાર ભમનારા છે; ને ધર્મીને ચૈતન્યપરિણતિ તો વિકલ્પથી પાર, અનુભૂતિના ગંભીર માર્ગે અંતરમાં વળીને ચૈતન્યસમુદ્રમાં એકાગ્ર થાય છે. આત્માનો માર્ગ તો ગંભીર – ઊંડો જ હોય ને! જેના વડે અનાદિના દુઃખથી છૂટકારો થાય ને અનંતકાળનું સુખ મળે – તે માર્ગની શી વાત? તે અનુભૂતિની શી વાત! વચનાતીત વસ્તુને વચનથી તો કેટલી કહેવી? અનુભવમાં લ્યે ત્યારે પાર પડે તેવું છે; વચનના વિકલ્પથી એનો પાર પડે તેમ નથી. ધર્મીની પર્યાય વિકલ્પના માર્ગેથી પાછી વળી ગઇ છે ને વિવેકના માર્ગે અંદર ઢળી ગઈ છે. વિવેક એટલે ભેદજ્ઞાન, તેના મારગ ઊંડા છે, ગંભીર છે, ને તેનું ફળ પણ મહાન છે. આચાર્ય ભગવંતોના હૃદય ઊંડાને ગંભીર છે; ચૈતન્યના અનુભવના રહસ્યો આ સમયસારમાં ભર્યા છે.... ભવ્ય જીવોને ન્યાલ કરી દીધા છે. વાહ રે વાહ! સમ્યગ્દર્શન પામવાની ને ભગવાનના માર્ગમાં ભળવાની અફર રીત સંતોએ પ્રસિદ્ધ કરી છે.

અરે ભાઈ, તારા શુદ્ધાત્મા તરફનો વિકલ્પ પણ તને સમ્યગ્દર્શન આપે તેમ નથી, ત્યાં બહારમાં બીજું કોણ આપશે? તારો વિજ્ઞાનઘન આત્મા ચૈતન્યરસથી ભરપૂર છે, તેનો રસિલો થઈને તેનો સ્વાદ લે.... એજ સમ્યગ્દર્શન છે. બીજી કોઈ સમ્યગ્દર્શનની રીત નથી.

શરીર કે પૈસા તો દૂર રહ્યા. તે તો આત્માનાં છે જ નહિ, તેનું કર્તાપણું પણ આત્મામાં નથી; ને અંદર ‘હું શુદ્ધ જ્ઞાન છું’ ઇત્યાદિ જે રાગરૂપ વિકલ્પ છે તે વિકલ્પ પણ ચૈતન્યના રસથી બહાર છે, તે વિકલ્પને જે પોતાનાં કાર્યપણે કરે છે તે જીવ ચૈતન્યસ્વરૂપથી ભ્રષ્ટ છે – અજ્ઞાની છે. તે વિકલ્પથી પણ જ્ઞાનને પાછું વાળીને, જ્ઞાન પ્રવાહને અંદર વાળીને ધર્મીજીવ પોતાને એક ચૈતન્યસ્વરૂપે જ અનુભવે છે. ધર્મી જીવો ચૈતન્યરસના જ રસિલા છે; બીજા બધાનો રસ તેને છૂટી ગયો છે, રાગનો

રસ છૂટી ગયો છે. આવા ચૈતન્યવીતરાગરસપણે આત્મા અનુભવાય છે– તે સત્ છે, તે કાંઈ કલ્પના નથી, વિકલ્પ નથી પણ એવો સાક્ષાત્ અનુભવ ધર્મીને વર્તે છે. ધર્મીને પોતાના જ્ઞાનમાં થોડોક ચૈતન્યરસ અનુભવાય અને થોડોક રાગનો રસ અનુભવાય એમ બે રસનો અનુભવ નથી, પણ એકલા એક વિજ્ઞાનઘન ચૈતન્યરસપણે જ તેને પોતાનો આત્મા અનુભવાય છે, તેમાં બીજાનો અનુભવ નથી; રાગનો અનુભવ જ્ઞાનમાં નથી, જ્ઞાનથી બહાર છે. એટલે જ્ઞાનીને એક વિજ્ઞાનરસપણે જ આત્મા અનુભવાય છે, ત્યારે અજ્ઞાનીને એકલા રાગરસપણે જ આત્મા અનુભવાય છે, રાગ વગરના ચૈતન્યરસની તેને ખબર નથી.

અહો, રાગથી ભિન્ન ચૈતન્યરસના અતીન્દ્રિયઆનંદનો સ્વાદ જ્યાં ચાખ્યો ત્યાં ધર્મીની પરિણતિ બીજે બધેથી પાછી વળીને અંતરમાં ચૈતન્યરસ તરફ જ ઢળી, ચૈતન્યરસ તરફ જ ખેંચાઈને પોતાના ચૈતન્યસ્વભાવમાં જ તે મગ્ન થઈ. અહા, ચૈતન્ય રસ ચાખ્યો તે રાગના આકુળરસનો સ્વાદ લેવા કેમ જાય? તે રાગને ધર્મ કેમ માને? વીતરાગ ભગવાનનો માર્ગ તો આવો છે શુભરાગથી મળી જાય – એવો કાંઈ વીતરાગ દેવનો માર્ગ નથી બાપુ! વીતરાગના મારગડા જગતથી ને રાગથી જુદા છે, એ તો અંતરમાં સમાય છે.

અહા, આવો વીતરાગીમાર્ગ બતાવનાર, આત્માનું સ્વરૂપ બતાવનાર એવા વીતરાગી દેવ – ગુરુ – શાસ્ત્રો પ્રત્યે મુમુક્ષુજીવને પરમ બહુમાન અને ભક્તિનો ભાવ આવે છે. સાચા દેવ – ગુરુ – શાસ્ત્રને માનવા તે કાંઈ મિથ્યાત્વ નથી; દેવ – ગુરુ તરફનો ભાવ તે તો શુભરાગ છે; પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ મિથ્યાત્વ નથી, પણ દેવ – ગુરુ તરફના તે શુભરાગને ધર્મ માનવો કે તેને મોક્ષનું ખરૂં કારણ માનવું – એવી ઊંધી માન્યતા મિથ્યાત્વ છે. દેવ – ગુરુ – શાસ્ત્રના બહુમાનનો શુભરાગ તો ધર્મી – સમ્યગ્દ્રષ્ટિને પણ હોય છે; પણ ધર્મી પોતાના જ્ઞાનને તે રાગથી જુદું જ અનુભવે છે, તેથી તેને મિથ્યાત્વ નથી. અજ્ઞાની શુભરાગનો કર્તા થઈ ને તેને જ પોતાનું કાર્ય માને છે ને તેનાથી જુદા જ્ઞાનને ભૂલી જાય છે તેથી તેને મિથ્યાત્વ છે. શુભરાગ પોતે મિથ્યાત્વ નથી, પણ રાગ અને જ્ઞાનની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

ભાઈ, રાગ કાંઈ તારા જ્ઞાનાદિનું કારણ થાય નહીં. રાગ કાંઈ સ્વભાવની વસ્તુ

નથી, તેનું કર્તૃત્વ આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી. વિકલ્પ તે અજ્ઞાનીનું કાર્ય છે, જ્ઞાનીને વિકલ્પ તે જ્ઞેયપણે છે, જ્ઞાનના કાર્યપણે નહીં. માટે કહ્યું કે વિકલ્પનો કરનાર અજ્ઞાની છે. જ્ઞાની તો જ્ઞાનસ્વભાવનો જ કરનાર છે, તે વિકલ્પનો જુદાપણે જાણનાર છે, કરનાર નથી. જ્ઞાનસ્વભાવની અનુભૂતિ વડે આવી અપૂર્વ જ્ઞાનદશા પ્રગટે છે. અને ત્યારે તે જીવ વિકલ્પોને અકર્તા થઈને, જ્ઞાનભાવપણે મોક્ષમાર્ગમાં શોભે છે.

## સોનગઢ - સમાચાર

પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાંતિમાં બિરાજમાન છે. સવારે શ્રી નિયમસારજી અને બપોરે શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર સુંદર પ્રવચનો ચાલી રહ્યા છે. જયપુરથી શેઠશ્રી પૂરણચંદ્રજી ગોદીકા, શ્રી પં. હુકમચંદજી શાસ્ત્રી તથા મહેન્દ્રકુમારજી સેઠી અને ફતેપુરથી શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા પૂજ્ય ગુરુદેવના સત્સમાગમ તથા પ્રવચનોનો લાભ લેવા સોનગઢ આવ્યા હતા. તદુપરાંત મહારાષ્ટ્રના મુમુક્ષુઓ પણ પૂજ્ય ગુરુદેવના સત્સમાગનો લાભ લેવા આવ્યા છે.

શ્રી પરમાગમ મંદિરનું નિર્માણકાર્ય તથા મશીન દ્વારા શ્રી સમયસારજી શાસ્ત્રના અક્ષરો કોતરવાનું કામ બરાબર ચાલી રહ્યું છે. માગશર વદ આઠમે પૂજ્ય ગુરુદેવશ્રીના સુહસ્તે ઈટાલીથી આવેલા મશીન દ્વારા અક્ષરો કોતરવાની મંગળ શરૂઆત અજિત પ્રેસમાં થઈ, તે પ્રસંગે મુમુક્ષુઓએ ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો.

## આત્મધર્મના ગ્રાહકોને સૂચના

સં. ૨૦૨૯ ના ગ્રાહકોને "વીતરાગ વિજ્ઞાન" (છહઢાળા – પ્રવચન ભાગ, ૩) પુસ્તક સ્વ. શ્રી વછરાજભાઈ ગુલાબચંદ કામદાર ગોંડલવાળાનાં સુપુત્રો તરફથી ભેટ આપવાનું છે. જેઓ રૂબરૂ પુસ્તક નથી લઈ ગયા અને પોસ્ટ દ્વારા મંગાવવા ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે ૦–૪૦ પૈસાની પોસ્ટની ટિકિટો બીડવી અને રજીસ્ટરથી મંગાવવા ઇચ્છનારે ૧–૪૦ ની ટિકિટો બીડવી. ટિકિટો મોકલનારને જ સંસ્થા પોસ્ટ દ્વારા મોકલે છે.

– શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




* અમદાવાદ મુમુક્ષુ મંડળના ભાઈશ્રી જીવણભાઈ દોશી (– તેઓ ભાઈશ્રી ચુનીભાઈ દોશીના પિતાશ્રી) ૯૩ વર્ષની ઉંમરે તા. ૨૮–૧૧–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીના ભાઈશ્રી વિનયકાંત નગીનદાસ વગેરેના મોટાબા વૃજકુંવરબા (ઉ. વ. ૮૭) માગશર સુદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાંકળીબેન પોપટલાલ (તેઓ વનમાળીદાસ પોપટલાલના બહેન) જુનાગઢના ખામધ્રોળ મુકામે તા. ૧૩–૧૨–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આંખે દેખાતું ન હોવા છતાં અનેક વર્ષોથી સોનગઢ રહીને તેઓ લાભ લેતા હતા.

* બોટાદના શેઠશ્રી જેઠાલાલ સંઘજીના સુપુત્ર ભાઈશ્રી નૌતમલાલ જેઠાલાલ કારતક વદ ૧૧ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમની ઉંમર માત્ર ૪૮ વર્ષની હતી. તેઓ ભદ્રિક અને તત્ત્વજિજ્ઞાસુ હતા. થોડા વખત પહેલાં સોનગઢ આવ્યાં હતા. અંતિમ દિવસે સવારે તેમના ધર્મપત્ની સુશીલાબેને તેમને ભક્તામર સ્તોત્ર વગેરે સંભળાવ્યું હતું.

* ગઢડાના ભાઈશ્રી શાંતિલાલ સુખલાલ કામદારના માતુશ્રી કંકુબા કારતક સુદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાયલા (મારવાડ) ના ભાઈશ્રી વનેચંદ ત્રિકમજી કારતક સુદ ૧૪ ના રોજ જાલોર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુના શરણે આત્મહિત પામો.

[ આમાંથી કેટલાક સમાચાર ગતાંકમાં છાપવા આપેલ પણ ભૂલથી રહી ગયા હતા, તેથી વિલંબથી છપાય છે. ]

# અંતર્તત્ત્વનો અનુભવ

* વન – જંગલમાં વીતરાગી સંતો ક્ષણે ને પળે પોતાના અંતર્તત્ત્વને નિર્વિકલ્પ થઈને અનુભવે છે. અહા, ધન્ય છે તે અનુભવની પળ! ધર્મી ગૃહસ્થ પણ ઘરમાં કયારેક આવો નિર્વિકલ્પ અનુભવ કરે છે.

* અહા, આવા પોતાના અંતર્તત્ત્વનો નિર્ણય કરે તો અંતરમાં ઊતરીને અનુભવ કરવાનો અવસર આવે. સ્વદ્રવ્ય કેવું છે તેને ઓળખીને તે ઉપાદેય કરવા જેવું છે. ઉપાદેય કઈ રીતે કરવું ? – તેની સન્મુખ થઈને અનુભવ કર્યો એટલે તે ઉપાદેય થયું; અને તેનાથી વિરુદ્ધ બધા વિભાગો હેય થઈ ગયા, તેમનું લક્ષ છૂટી ગયું.

* જે એક સહજ જ્ઞાયકભાવ છે તે પરમતત્ત્વ છે ને બીજા બધા ભેદ ભંગરૂપ વ્યવહારભાવો તે અપરમભાવ છે. પરમભાવરૂપ જે શુદ્ધતત્ત્વ તેના અનુભવથી પ્રચુર આનંદસહિત આત્માનો નિજવૈભવ પ્રગટે છે; તે મોક્ષમાર્ગ છે. માટે પરમભાવ જ અનુભવ કરવા યોગ્ય છે.


* મોક્ષમાર્ગના શુદ્ધભાવમાં વ્યવહારના કોઈ ભેદ – ભંગનું આલંબન નથી, એક સહજ પરમતત્ત્વનું જ આલંબન છે; તેના અનુભવથી જ સમ્યગ્દર્શન થાય છે, તેના અનુભવથી જ ચારિત્રદશા અને કેવળજ્ઞાન થાય છે.

* આવા – અભેદ પરમતત્ત્વના અનુભવ પહેલાં ભેદના વિકલ્પો આવે છે; શુદ્ધ દ્રવ્ય – ગુણ – પર્યાય વગેરેના વિચારમાં સાથે વિકલ્પ આવે છે, તે વિકલ્પનો ખેદ છે, તેની હોંશ નથી, તેના પ્રત્યે ઉત્સુકતા નથી, શુદ્ધ સ્વભાવ તરફની જ હોંશ ને ઉત્સુક્તા છે. અરે, સીધેસીધા પરમ સ્વભાવમાં જ પહોંચી જવાની ભાવના છે, તેના જ અનુભવનું લક્ષ છે, પણ વચ્ચે ભેદ– વિકલ્પો આવી જાય છે તેની ભાવના નથી.



માગશર વદ આઠમ તા. ૨૭-૧૨-૭૨ ના રોજ પૂ. ગુરુદેવશ્રીના શુભહસ્તે ઇટાલીથી આવેલા મશીન દ્વારા આરસ ઉપર શ્રી સમયસારજી પરમાગમના કોતરકામનું મંગળ ઉદ્‌ઘાટન અજિત મુદ્રણાલયમાં થયું તે પ્રસંગનું દ્રશ્ય. જયપુરના શેઠ શ્રી પૂરણચંદ્રજી ગોદીકા મશીન દ્વારા અક્ષર કોતરે છે. પાસે શ્રી પં. હિંમતભાઈ તથા શ્રી પોપટલાલ મોહનલાલ વોરા વગેરે ઊભા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી મશીન દ્વારા અક્ષરો કોતરવાની મંગળ - વિધિ કરી રહ્યા છે. પાસે શ્રી પોપટલાલ મોહનલાલ વોરાના સુપુત્ર શ્રી હસમુભાઈ ઊભા છે અને પૂજ્ય ગુરુદેવને મશીન સંબંધી માહિતી આપે છે.



પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૨૫૦